Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૬ મું ] [ અંક ૧૧ મો

ભાદ્રપદ

ઇ. સ. ૧૯૫૦ ૧૫ મી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૭૬ વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્ત્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૬ મું અંક ૧૧ મો. } ભાદ્રપદ { વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬


## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભજિન સ્તવન ... ... | ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) | ૨૪૯ |
| ૨ | મત-વાલા ... ... ... ... | ( શ્રી રાજમલ ભંડારી ) | ૨૫૦ |
| ૩ | ક્ષણભંગુરતા ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ૨૫૧ |
| ૪ | શાંતતાવાદી જગત ... | ( ,, ,, ) | ૨૫૨ |
| ૫ | क्षमा लेना क्षमा देना ... ... ... | ( રાજમલ ભંડારી ) | ૨૫૪ |
| ૬ | પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ M.B.B.S. ) | ૨૫૫ |
| ૭ | શું એ હાર ટોડલો ગળી ગયો ? : ૫ | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૨૫૯ |
| ૮ | નટચરણ અને નૃત્ત(ત્ય) ગતિ | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૨૬૩ |
| ૯ | એમાં કોનો વાંક ? ... ... ... | ( અનુ૦ અભ્યાસી B. A. ) | ૨૬૫ |
| ૧૦ | વ્યવહાર કૌશલ્ય : ૪ ( ૨૬૪-૨૬૭ ) ... ... | ( મૌક્તિક ) | ૨૬૮ |
| ૧૧ | શ્રી પાર્શ્વનાથ સ્તવન ... ... ... | ( મુનિશ્રી જંબૂવિજયજી ) | ૨૭૨ |


## સુધારો

ગયા શ્રાવણના અંકમાં "**પ્રભુશ્રી મહાવીરસ્વામી અને દેવો**"વાળા લેખમાં પૃ. ૨૩૩, પંક્તિ ચોથામાં "બારમા દેવલોક"નું સૂચન થયું છે તેને બદલે "દશમો દેવલોક" સમજવો.

## "શ્રી જૈન ધર્મ પ્રકાશના"ના ગ્રાહક બંધુઓને

ગતાંકમાં જણાવી ગયા તે પ્રમાણે "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓ પાસેથી સં. ૨૦૦૫ ના રૂા. ૧-૧૨-૦ તથા સં. ૨૦૦૬ના રૂા. ૩-૪-૦ તથા ભેટ બુકનું વી. પી. પોસ્ટેજ ૦-૬-૦ મળી કુલ રૂા. ૫-૬-૦ વસુલ કરવા માટે "**પ્રશ્નોત્તર રસધારા**" નામની ભેટ બુક રવાના કરવામાં આવી છે. કેટલાક ગ્રાહક બંધુઓ શરતચૂકથી કે ગેરસમજણથી વી. પી. પાછું ફેરવી જ્ઞાનખાતાને નુકશાન કરે છે તો તેમ ન કરવા વિજ્ઞપ્તિ છે. જ્ઞાનખાતાને નુકશાન કરવું તે કોઇપણ પ્રકારે હિતાવહ નથી.

આ ભેટ પુસ્તક ફક્ત ગ્રાહક બંધુઓ માટે છે, સભાના સભાસદ બંધુઓ માટે નથી, તેથી સભાસદ બંધુઓએ મંગાવવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૬ મું. અંક ૧૧ મો. : ભાદ્રપદ : વીર સં. ૨૪૭૬ વિ. સં. ૨૦૦૬

## શ્રી ઋષભજિન સ્તવન.

રાગ–ધનાશ્રી.

આતમ! દેખ મૂરત જિનકેરી. એ આંકણી.<br>
કયું અવગતિ જીવ તેરી બનાઈ, ઊર્ધ્વગતિ જીવ તેરી. આતમ૦ ૧<br>
જિમ મૃત્તિકાલેપ છૂટત હે, આવત અલાબુ ઉપરિ;<br>
કર્મસંગ તિમ જિમ છૂટત હે, હોત ઊર્ધ્વગતિ તેરી. આતમ૦ ૨<br>
જીવ–પુદ્ગલકી ભિન્ન ગતિ હે, ઇમ જિનરાજ કહેરી;<br>
ઊર્ધ્વગતિ જીવ તેરી સહજ હે, અધોગતિ તિમ પુદ્ગલરી. આતમ૦ ૩<br>
જિમ લોષ્ઠ વાયુ અગ્નિકી જવાલા, નિજ નિજ ગતિ લહેરી;<br>
ઊર્ધ્વગતિ તિમ જીવ ક્ષીણકર્મા, મુનિપતિ એમ વદેરી. આતમ૦ ૪<br>
ગતિવૈકૃત્ય યદિ કોઇ પાવત, કારણ નાથ કહેરી;<br>
કર્મપ્રતિઘાતાદિ તું વિચારત, નિશ્ચય આપ લહોરી. આતમ૦ ૫<br>
કર્મકારણથી જે ગતિ ઉપની, તે યદિ દૂર કરેરી;<br>
ઋષભ જિણેસર મૂરત દેખી, નિજ ગતિ રૂચક લહેરી. આતમ૦ ૬

મુનિરાજશ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मत--वाला।

ज्ञानका भान कराके, गुरुवर बना दो मतवाला।
बना दो मतवाला, बना दो [1]मतवाला ॥ ज्ञान ॥ १ ॥

विश्व प्रेमका पाठ पढा दो, ईर्षा द्वेषको दूर नसा दो।
मैत्री, प्रमोद, करुणा, माध्यस्थसे, बना दो मतवाला ॥ ज्ञान ॥ २ ॥

शस्त्र अहिंसा करमें उठाके, मोहम्लेच्छको मेरा नसाके।
सत्य शक्ति का भान कराके, बना दो मतवाला ॥ ज्ञान ॥ ३ ॥

वृत्ति अहिंसा मेरी बनाके, सत्यासत्यका ज्ञान कराके।
अस्तेय, अब्रह्म से दूर हटाके, बना दो मतवाला ॥ ज्ञान ॥ ४ ॥

परिग्रह का ममत्व हटाके, सत्य श्रद्धा मेरी प्रकटाके।
आतम कमल मेरा विकसाके, बना दो मतवाला ॥ ज्ञान ॥ ५ ॥

जीवाजीवादि तत्व बताके, कर्मसी फिलसुफी समजाके।
शासन का मुझ रसिक बनाके, बना दो मतवाला ॥ ज्ञान ॥ ६ ॥

कायरपन सब मेरा हटाके, वीर! वीरता को प्रकटाके।
आतम ज्योति मेरी जगाके, बना दो मतवाला ॥ ज्ञान ॥ ७ ॥

लब्धिनिधान तुम कहला के, असंख्यका उद्धार कराके।
मेरी विनय पर ध्यान को लाके, बना दो मतवाला ॥ ज्ञान ॥ ८ ॥

पर्युषण पर्व के पूर्व प्रभाते, दिव्य भावना मेरी बनाके।
गुरुवर राजको अब अपनाके, बना दो मतवाला ॥ ज्ञान ॥ ९ ॥

राजमल भण्डारी-आगर

[1] मस्त आतम धूनवाला।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષણભંગુરતા.

( લેખક—'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ-માલેગામ )

( દ્રુતવિલંબિત )

મધુર મસ્ત સમસ્ત સુગંધથી, ત્રિવિધ રંગ સુરંગ ભર્યો અતિ;
મૃદુલતા સુલતા ધરતી દિસે, સુરલતાસમ દિવ્ય તિહાં વસે. ૧

ઉપવને પવને મૃદુ હાલતી, સરલતા ધરતી બહુ ડોલતી;
સરસ ગંધ વને પસરાવતી, ઉપવને અતિ મોદ કરાવતી; ૨

મૃદુલ લાલ ગુલાલ ધરાવતી, કનક પીત સમર્પિત રંગથી;
બહુ સુશોભિત નીલ દલે દિસે, રસિક માનસ હંસ તિહાં વસે. ૩

વિવિધ નીલમણી સમ રંગથી, સુમન શોભિત સન્મન ભાવથી;
તરુલતા બહુ વેલિ સમસ્તથી, અતિ સમૃદ્ધ સુગંધ પ્રસારતી. ૪

સરલ પંક્તિ દિસે બહુ જાતની, કુસુમભાર વહે સુપ્રમાણુની;
અમરથાન સમી રચના દિસે, અજરને પણ મોહ કરી વસે. ૫

પ્રભુતણા સહુ અંગ ઉપાંગમાં, જઇ ચઢે ધરી ભક્તિ સુભાવના;
વિમલ ભક્તતણા હૃદયે રમે, બહુ પ્રસન્ન કરે મનને ગમે. ૬

કનક ચંપક જાઇ જુઇ તથા, મૃદુલ માલતી ગંધવતી યથા;
સુમ ગુલાબ અને મધુમલ્લિકા, અતિ મનોહર કેતકી ચંદ્રિકા. ૭

વિવિધ વર્ણ વિચિત્ર શુભાકૃતિ, કુસુમ માલ સુશોભિત જે અતિ;
સુબહુમાન મનોજ્ઞ સુચિન્હ એ, મન હરે બહુ મંગલ ધન્ય એ. ૮

કદી મળે નહીં શીતલ તોય જો, સહુ વિસર્જિત થાય વિકાસ તો;
બહુ ઉદાસ વિવર્ણિત શુષ્કતા, ત્વરિત અસ્ત સમસ્ત વિશોભિતા. ૯

સકલ ભંગુરતા મૃદુતા જતી, ત્વરિત નીરસતા વરતી અતિ;
સકલ જીવનની ક્ષણજીવિતા, તરલતા ગણજો મન ભાવિતા. ૧૦

અમર ધર્મ અને જિનદેવ છે, અમર સદ્ગુરુ જે સ્વયમેવ છે;
મન વસો સમકિત જિનેન્દ્રનું, વચન ચિત્ત ધરી નિજ બાલનું. ૧૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાંતતાવાદી જગત

( લેખકઃ—'સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ, માલેગામ )

આધુનિક વૈજ્ઞાનિક સાધનોને લીધે જગતમાં પરિસ્થિતિ તદ્દન વિલક્ષણ થઇ ગએલી છે. એક દેશ કે એક સમુદાયનો પ્રશ્ન એ આખા જગતનો પ્રશ્ન થઇ પડેલો છે. એક જગ્યાની ખબર બીજા બધા ભાગોમાં ક્ષણવારમાં ઘર ઘરમાં પહોંચી વળે છે. અને તેના ઇષ્ટાનિષ્ટ પરિણામો તરત જ ત્યાં ફરી વળે છે. એક દેશના માણસને બીજા દેશમાં પહોંચતા મહિનાઓ લાગતા હતા ત્યાં હવે થોડા જ દિવસો કે કલાકોનો જ પ્રશ્ન આવી ગયો છે. અને નજીકના જ ભવિષ્યમાં વાયુવેગે લોકો પ્રવાસ કરી શકશે એવા ચિહ્નો સ્પષ્ટ જણાય છે. તેમજ હજારો માઈલ દૂર રહીને પણ લોકો જોડે સામસામા બેઠેલા હોઇએ તેમ એકેક સાથે સમક્ષ જોઇ વાત કરશે, એમ માનવામાં આવે તો આશ્ચર્ય માનવા જેવું કાંઈ નહી રહે.

માનવસંહારના કાર્યક્રમમાં વિજ્ઞાને તો હદ કરી દીધી. દિવસ ઊગે છે અને નવા સંહારક અસ્ત્રની શોધ વાંચવા મળે છે. ત્યારે તો એવો ધ્રાસકો પેદા થાય છે કે આ પૃથ્વીનું શું થવા બેઠું છે ? આ બધું રાચરચીલું ક્ષણવારમાં ભસ્મ થઇ જવાનું છે શું ? આપણે કોના કોના માટે ફિકર કરવાની છે ? આ બધું નાશ થતા આપણા અસ્તિત્વનો પ્રશ્ન આપણે કેવી રીતે ઉકેલીશું ? એક પક્ષ એવું પણ બોલી દે છે કે બધું બરાબર થઇ જશે. આપણું અસ્તિત્વ આપણા ધર્મ સાથે સલામત છે. ફિકર કરવા જેવું આપણા માટે કાંઇ નથી. આપણે સુરક્ષિત જ છીએ. પણ એ વિચારો આપણે કર્તૃત્વશૂન્ય રહી આંખો મીંચી બેસી જ રહેવાનું સૂચવે છે. આપણે એક મહાન ધર્મના વારસદારો કહેવડાવીએ, છતાં કર્તવ્યતત્પર રહી, કાંઇક વીર્ય ફોરવી, કાંઇક કરી બતાવવાની વાતને હસી કાઢી શૂન્ય થઇ બેસી રહેવાનું પસંદ કરીએ એના જેવું નથી લાગતું શું ? શું ભવિષ્યમાં આમ થવાનું છે એમ બોલી આપણે પુરુષાર્થ કરવાનું માંડી વાળવું એવો પ્રભુનો ધર્મ આપણને આજ્ઞા કરે છે શું ? પ્રભુ પોતાના જ્ઞાનથી ઘણી વાતો જાણતા છતાં તેમણે પ્રસંગોચિત પ્રયત્નો નથી કર્યા શું ? દેશકાલને માન આપી તેમણે પાંચમા મહાવ્રતની પ્રરૂપણા નથી કરી શું ?

પૃથ્વી ઉપરની જનસંખ્યા વધી રહી છે. ખાવાનો પ્રશ્ન ભયાનક રૂપમાં પોતાનું અસ્તિત્વ પ્રકાશે છે. રાષ્ટ્રોને પોતાની જનસંખ્યાને રહેવા માટે જગ્યા અને તેમના ખાવા-પીવાનો અને વિકાસનો પ્રશ્ન મુંઝવી રહ્યો છે. એ પ્રશ્નમાંથી અનેક પ્રશ્નો ઉપસ્થિત થઈ રહેલા છે. એ બધા પ્રશ્નોનો નિકાલ સમાધાનકારક રીતે થઇ જાય એવું સહુ કોઇ ઇચ્છે છે. પણ અત્યાર સુધી જેટલા પ્રયોગો અજમાવવામાં આવ્યા છે તેમાંથી કોઇપણ પરિણામકારક નિવડ્યો જણાયો નથી. ઊલટી મુંઝવણ દિવસે દિવસે વધતી જ રહી છે. એ બાબતમાં જૈનદર્શન કાંઇ માર્ગ સૂચવી શકે કે કેમ અને જો એવો માર્ગ હોય તો આપણામાંના જૈન સંત-પુરુષો અને જ્ઞાની શ્રાવકવર્ગ એ માર્ગ જગત આગળ મૂકવા તૈયાર થશે કે કેમ ? એ આપણી આગળ પ્રશ્ન છે. કોઇ પોતાને જૈન તરીકે ઓળખાવે કે ન ઓળખાવે પણ જૈન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધાંતોનો અમલ જગતમાં થાય તો તેથી જૈન તત્ત્વજ્ઞાનનું મોટું ગૌરવ છે. જગતને સચોટ કાર્યસાધક માર્ગની ભૂખ લાગેલી છે. કાંઇ ને કાંઇ કરવા માટે જગત તલસી રહેલું છે એ વસ્તુનો આપણે વિચાર કરવાની જરૂર છે. જૈન તત્ત્વજ્ઞાન અને જૈન સિદ્ધાંતો અમુક વર્ગ માટે જ છે અગર હોઇ શકે એવી કલ્પના રાખવી એ તો પ્રત્યક્ષ આત્મવંચના છે. જૈનનામ નહી ધારણ કરનાર પણ જૈન સિદ્ધાંતોનો અંશતઃ પણ અમલ કરે તો આપણે તેથી સમાધાન થવું જોઇએ. મિથ્યાત્વી કહી અન્યોનો આપણે તિરસ્કાર કે ઉપેક્ષા કરીએ એ વસ્તુ જૈન સિદ્ધાંતો સાથે સુસંગત હોય એમ અમને નથી લાગતું. યથાર્થ જ્ઞાન જેમને નથી એવી આપણી માન્યતા હોય એવાઓના સંપર્કમાં આપણે આવી તેમના સંદેહો ભાંગવા આપણે યથાશક્તિ પ્રયત્નો કરવા જોઇએ. રખેને આપણે જ પોતાનું ગુમાવી બેસીશું એવી સંકુચિત અને સ્વાભિમાનશૂન્ય ભાવના આપણે છોડવી જ રહી. એમાં તો આપણા મુખે જ આપણી નબળાઇ કબૂલ કરવા જેવું છે.

જગતના દરેક પ્રમુખ રાષ્ટ્રો પોતે ‘શાંતિના ઉપાસક છીએ, જગતના સુખમાં વધારો કરવા ચાહીએ છીએ,’ એમ કહે છે. મનથી એમ ઇચ્છે પણ છે. પણ આમ વિચાર કરતા અન્ય રાષ્ટ્રો માટે તેમના મનમાં અવિશ્વાસ રહેલો હોય છે. રખેને આપણી નબળાઇનો લાભ લઇ બીજા રાષ્ટ્રો અમને ભરખી જશે, એવી માન્યતામાં ને માન્યતામાં પોતે અશાંતિ ભોગવે છે. શાંતતાની વાતો કરતી વેળા પણ પોતાની શક્તિ વધારવાનો પ્રયત્ન કર્યે જ જાય છે. કોઇને કોઈ ઉપર વિશ્વાસ નથી અને તેથી જ સંઘર્ષ વધી પડેલો છે. શાંતિના સર્વે ઉપાસકો છતાં શાંતિ લાવી શકતા નથી. એવી અશાંતિના સમયમાં જ જૈન સિદ્ધાંતો-નો ઉદારભાવે આખા જગત માટે ઉપયોગ થાય તેવો માર્ગ આપણે શોધવો જોઇએ.

જૈનો પાસે જગતમાં શાંતિ થાય અને ટકે એવા સિદ્ધાંતો છે. પૂર્ણ ત્યાગી એવા સંત મહાત્માઓ છે, પંડિતો પણ છે. ફક્ત એ સિદ્ધાંતો આખા જગત ઉપર ઉપકાર કરવાની ઉદાર ભાવના સાથે નવા રૂપમાં, જગત જાણે અને અપનાવે એવી ભાષામાં છૂટથી પ્રચાર કરવા માટે કમર કસવી જોઇએ. એ સિદ્ધાંતોને યશ મળી પરસ્પર સંહાર કરવાની ભાવનાને ધક્કો લાગી શાંતતાનો અને અહિંસાનો માર્ગ બધાઓ અમલમાં લાવવા પ્રયત્ન કરશે એમાં શંકા નથી. ખામી છે આપણા આત્મવિશ્વાસની.

આપણી ધર્મવિષયક સંકુચિત ભાવનાને લીધે આપણે પ્રભુનો ધર્મ બધાઓને સમજાવી શકતા નથી એ આપણી નબળાઇ છે. જાણે જૈનધર્મ એ અમુક વર્ગના લોકો માટે જ છે. બીજાઓ તો તેથી વંચિત જ રહેવા જોઇએ. રખેને આપણો ધર્મ બીજાઓ જાણી જાય તેથી બહુ બહુ તો આપણે આપણો ધર્મ ગુમાવી બેસીશું. આપણે તો આપણો ધર્મ ગુપ્ત જ રાખવો જોઇએ. બહુ બહુ તો એનું બાહ્ય પ્રદર્શન કરવું જોઇએ—આવી આવી અનેક કલ્પનાઓ હૃદયમાં ધારણ કરી આપણે જૈનધર્મના વારસદાર હોવા છતાં તેને એક નાના કુંડાળામાં ગોંધી રાખવો પસંદ કર્યો છે. જ્યારે બીજાઓ જૈન સિદ્ધાંતો જાણે છે ત્યારે તેઓ તેની મુક્ત કંઠે સ્તુતિ કરે છે, અને જૈનધર્મ એ નક્કર તત્વજ્ઞાનના પાયા ઉપર સ્થિર રહેલો છે એમ ખુલ્લા દિલે કહે છે. ત્યારે આપણે વેપારી બુદ્ધિથી તેને તીજોરીમાં સંઘરી રાખવું પસંદ કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



- પ્રાણુાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનું રહસ્ય સમજાવવાની આજે ખાસ જરૂર છે. દરેક માનવી જીવનના ક્ષેત્રમાં તેનો કેવો ઉપયોગ છે અને અત્યારે અનેક જાતના વાદોથી જગતમાં જે સંઘર્ષ ચાલે છે તેનો વિચાર કરતા સામ્યવાદ, સમાજવાદ કે બીજા કોઈ પણુ વાદ કરતા જૈન આચારવાદ જગતને વધારે ઉપકારક નિવડવાનો સંભવ છે. કોઇ પોતાને જૈન કહેવડાવે કે ન કહેવડાવે છતાં જો તેઓ પંચ મહાવ્રતોનો સિદ્ધાંત સમજી જાય તો તેમાં બધાએ વાદોની કલ્પના તેના સાચા રૂપમાં આવી જાય છે. અને દરેક રાષ્ટ્ર પંચ મહાવ્રતોનો સિદ્ધાંત સ્વીકારે તો જગતમાં કલહનું કાંઇ કારણુ ન રહે.

- પરિગ્રહપરિમાણુ વ્રત એ સૂત્ર અનેક આધુનિક વાદોના લક્ષણુમાંનું એક લક્ષણુ છે. સંગ્રહ અને તે પણુ અનુચિત કરવાથી અનેક જાતનો અસંતોષ જગતમાં પેદા કરનારી પરિસ્થિતિ નિર્માણુ થાય છે, એ વસ્તુ સિદ્ધ થઇ ચૂકી છે. તેનો સદુપયોગ કરવાથી વ્યકિતના કર્મબંધનોના માર્ગો તો બંધ થશે જ પણુ સમાજને સ્થૈર્ય ઉત્પન્ન કરવામાં તે કારણીભૂત નિવડશે એમાં શંકા નથી. અહિંસા અને સત્ય એ તો આધુનિક જગતનું સૂત્ર થવા બેઠું છે તેને જ તેના સાચા સ્વરૂપમાં જગત આગળ મૂકવાથી અનેક ગુંચોનો ઉકેલ આવી જાય તેવો છે. બીજા બધા સિદ્ધાંતો અને તત્ત્વો એના પેટામાં આવી જાય તેવા છે, માટે જૈન ધર્મના એ પંચ મહાવ્રતોના સિદ્ધાંતને તેના શુદ્ધ સ્વરૂપમાં જગત આગળ કોઈ મહાત્મા મૂકે.

## क्षमा लेना–क्षमा देना।

अपने कार्यों को सदा, अवलोक तुम लेना।
हुवे हैं अशुभ या शुभ ही, इसी पर ध्यान कुछ देना ॥ १ ॥
समय दिनरात का होता है, वह चोविस घण्टों का।
इन्ही चोवीस घण्टोंमें, शुभा शुभ अपने लख लेना ॥ २ ॥
अगर नहीं बन सके यह तो, दिवस पंदराका सरवय्या।
बना अंतःकरणसे तुम, इसीकी जाच करलेना ॥ ३ ॥
प्रमादी होगये इतने, तो चौमासी आवश्यकमें।
बनाकर आंकड़ा अपना, बराबर लेखा कर लेना ॥ ४ ॥
अगर नहीं हो सका यह तो, फिर बारा मास में उत्तम।
संवत्सरीपर्व आया है, सभी भूलो को लख लेना ॥ ५ ॥
जहां हुई भूल अपनेसे, वहां सावधान हो करके।
दु खी हो आतमा जीसकी, उसीसे माफी कर लेना ॥ ६ ॥
हुई हो जान व अनजानमें, किसी भी गलती ही।
बनाकर आतमा निर्मल, क्षमा लेना–क्षमा देना ॥ ७ ॥

[ क्षमाप्रार्थी—राजमल भण्डारी-आगर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

[ લેખક—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S. ]

( અનુસંધાન પૃષ્ઠ ૧૬૫ થી શરૂ )

**‘ પ્રાપતિ પ્રવચન વાક ’—**

અગાઉ ‘ દૃષ્ટિ ખૂલે ભલી રે ’ એનો પરમાર્થ વિચાર્યો, તો આ ભલી દૃષ્ટિ કેમ ખૂલે ? તે માટે કહ્યું કે ‘ **પ્રાપતિ પ્રવચન વાક** ’ અર્થાત્ પ્રવચન વાણીની પ્રાપ્તિ થાય તો આ દૃષ્ટિ ખૂલે. આ ‘ **પ્રવચન** ’ શબ્દ સમજવા જેવો છે. હાલમાં તો લોકો વિવેક વિના ગમે ત્યાં ને ગમે તેવા પ્રસંગમાં આ મહાન શબ્દનો શિથિલ ( Loose ) પ્રયોગ કરે છે. સામાન્ય પ્રાકૃત જનનું ( Layman ) સામાન્ય વિષયક ( Common place ) ભાષણ કે વક્તવ્ય પણ ‘ પ્રવચન ’ કહેવાય છે ! પણ અત્ર તો ખરેખરા પરમાર્થથી તેનો પ્રયોગ કર્યો છે. પ્રવચન એટલે પ્રકૃષ્ટ વચન, પ્રમાણ વચન, પ્રમાણભૂત આપ્તપુરુષનું વચન. જે વચન સર્વથી પર છે ને જેનાથી પર કોઈ નથી એવું પ્રકર્ષ પામેલું ( supreme & sublime ) વચન તે પ્રવચન. આવું પરમાર્થે પરમ વિશ્વાસ યોગ્ય, પરમ પ્રમાણભૂત, ‘ તહત્તિ ’ કરવા યોગ્ય પ્રકૃષ્ટ વચન કોનું હોય ? વીતરાગ સર્વજ્ઞનું જ. રાગ, દ્વેષ અને મોહ એ ત્રિદોષ જેને સર્વથા નિવૃત્ત થયા છે, એવા પરમ પુરુષોત્તમ સર્વજ્ઞ વીતરાગનું વચન તે જ વાસ્તવિક ‘ પ્રવચન ’ કહેવા યોગ્ય છે.

**‘ પ્રાપ્ત ’ તે આપ્ત**

કારણ કે જેના દોષ* ને આવરણ ટળ્યા છે, અર્થાત રાગ-દ્વેષ-મોહાદિ દોષ અને જ્ઞાન-દર્શન આવરણ ટળ્યા છે, તે જ પુરુષ ‘ આપ્ત ’ ( વિશ્વાસપાત્ર ) હોવા યોગ્ય છે; કારણ કે જ્ઞાનને આવરણ હોય તો અપૂર્ણ જ્ઞાનને લીધે તેનું વચન અસત્ય પણ હોય, તેના પર વિશ્વાસ મૂકી શકાય નહિં. અને રાગ-દ્વેષ-મોહાદિ હોય તો તેથી પણ અસત્ય વદવાનો પ્રસંગ આવે, એટલે પણ વિશ્વાસ રાખી શકાય નહિં. પણ નિરાવરણ જ્ઞાન હોય અને રાગ-દ્વેષ રહિતપણું-નિર્દોષપણું હોય, તો જ તેનું વચન સંપૂર્ણ સત્ય હોઈ વિશ્વાસપાત્ર હોય-આપ્ત હોય. જે જે વિષયમાં નિષ્ણાત હોય તે વિષયમાં તેનું વચન જ પ્રમાણભૂત ( Authority ) ગણાય, તે સામાન્ય નિયમ પ્રમાણે અતીન્દ્રિય એવા આત્માદિ વિષયમાં અતીન્દ્રિય જ્ઞાની એવા સર્વજ્ઞ આપ્તપુરુષ પ્રમાણભૂત હોઇ, તેનું જ વચન પ્રમાણ છે; કારણ કે તે યોગીશ્વરે આત્મસ્વરૂપનું સાક્ષાત્ દર્શન કરી તેની પ્રાપ્તિ કરી છે, અને તથારૂપ અનુભવ કરી પોતે સહજ આત્મસ્વરૂપ એવા સાક્ષાત્ ‘ પ્રભુ ’ બન્યા છે. અને જેવું આત્મસ્વરૂપ તેમણે દીઠું તેવું યથાર્થપણે તેમણે કહી દેખાડ્યું છે. ( ‘ जहट्ठियं -

---

* “ दोषावरणयोर्हानिर्निःशेषास्त्यतिशायात् ।
क्वचिद्यथा स्वहेतुभ्यो बहिरन्तर्मलक्षयः ॥ ” શ્રી સમંતભદ્રાચાર્યકૃત આપ્તમીમાંસા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**वत्थुवाइणो** ' ) એટલે આવા આ આત્મદ્રષ્ટા નિર્દોષ આત્માનુભવી ' આપ્ત ' પુરુષ આ બાબતમાં* પ્રમાણભૂત છે, આપ્ત છે, પરમ વિશ્વાસ કરવા યોગ્ય છે. લોક વ્યવહારમાં પણ જેમ કોઈ સાચા પ્રમાણિક મનુષ્યનો વગર વિચાર્યે પણ વિશ્વાસ રાખે, તેમ પરમાર્થમાં પણ આ સાચા પ્રમાણિક નિર્દોષ સત્પુરુષ વગર વિચાર્યે પણ (વિચારીને તો વિશેષે કરીને) વિશ્વાસ રાખવા યોગ્ય છે. ' તહત્તિ ' કરવા યોગ્ય છે. પરમ તત્ત્વદ્રષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી**એ ભાખ્યું છે કે--

" તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું,
નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું." **શ્રી મોક્ષમાળા**, પાઠ ૬૭

આમ પરમ નિર્દોષ વીતરાગ સર્વજ્ઞ જ આપ્ત છે, અને આ આપ્તપુરુષનું વચન એ જ પ્રવચન છે, એ જ આગમ છે, અને એ જ પરમ વિશ્વાસપાત્ર એવું શાસ્ત્ર છે. ' શાસ્ત્ર ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ પણ ઉપરોક્ત સર્વ ભાવને પુષ્ટ કરે છે. કારણ કે જીવને કાર્યાકાર્ય સંબંધી જે શાસન–આજ્ઞા કરે, અને તે નિર્દોષ શાસનવડે કરીને જે જીવનું ત્રાણ એટલે સંસારભયથી રક્ષણ કરે, તે ' શાસ્ત્ર ' છે એમ તેનો વ્યુત્પત્તિ અર્થ છે. અને આવું શાસ્ત્ર તો નિર્દોષ એવા વીતરાગ સર્વજ્ઞનું જ વચન હોઈ શકે–બીજા કોઇનું નહિં.

" शासनात्त्राणशक्तेश्च बुधैः शास्त्रं निरुच्यते ।
वचनं वीतरागस्य तच्च नान्यस्य कस्यचित् ॥ "

**—શ્રી યશોવિજયજીપ્રણીત અધ્યાત્મોપનિષદ્.**

અને આવા આ પ્રવચનનું પણ પ્રવચન, પ્રકૃષ્ટ વચન, પ્રથમ વચન, પ્રમુખ વચન શું છે? આ પ્રવચનવાણી મુખ્યપણે શું બોધે છે? સમસ્ત પરભાવથી વ્યાવૃત્ત કરી આત્માને સ્વભાવમાં આણવો એ જ જિન ભગવાનની મુખ્ય ' આણા '–

**પ્રવચનસાર; પ્રવચન-પ્રયોજન.** આજ્ઞા છે, એ જ શાસનસર્વસ્વ છે, એ જ પ્રવચનસાર છે, એ જ સૂત્રપરમાર્થ છે. વિભાવરૂપ અધર્મમાંથી નિવૃત્તિ કરાવી **સ્વભાવરૂપ ધર્મ** પમાડવો એ જ જિનપ્રવચનનું મુખ્ય પ્રયોજન છે, એ જ ઉદ્દેશ છે, એ જ ઉપદેશ છે, એ જ આદેશ છે. અને એ જ ' **वत्थुसहावो धम्मो** ' વસ્તુનો સ્વભાવ તે ધર્મ એ પરમ સૂત્ર પ્રમાણે આત્માનો વાસ્તવિક ધર્મ છે, એ જ મહાગીતાર્થ **આનંદઘનજી**એ સંગીત કરેલો ' ધરમ પરમ અરનાથનો ' છે, અને એ જ ' **परधर्मो भयावहः** ' ભયાવહ પરધર્મમાંથી જીવને પરમ અભય આપનારો સ્વધર્મ–' સ્વસમય ' છે. સમસ્ત દ્વાદશાંગી પણ આ મુખ્ય આજ્ઞારૂપ પ્રવચનના વિવરણરૂપ છે. મહામુનીશ્વર **પદ્મનંદિજી**એ× કહ્યું છે કે–' શ્રી જિનેશ્વરે દ્વાદશાંગી કહી છે તેમાં પણ એક

---

* " **तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइअं ।**
**आज्ञासिद्धं हि तद्ग्राह्यं नान्यथा वादिनो जिनाः ॥** " શ્રી આચારાંગ સૂત્ર

× **उक्तं जिनैर्द्वादशभेदमङ्गं, श्रुतं ततोऽप्यन्यदनेकभेदम् ।**
**तस्मिन्नुपादेयतया चिदात्मा, शेषं तु हेयत्वधियाभ्यधायि ॥** "

**—શ્રી પદ્મનંદિપંચવિંશતિકા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા જ આદેય-ગ્રહણ કરવા યોગ્ય છે અને બાકી બીજું બધું ય હેય-ત્યાગવા યોગ્ય છે.' એ જ પરમ સારભૂત મુખ્ય વાત કહી છે. જિનપદની અને નિજપદની એકતા છે, જેવું જિન ભગવાનનું સ્વરૂપ છે તેવું જ આ આત્માનું સ્વરૂપ છે, એમાં કાંઇ પણ ભેદભાવ નથી. આ વસ્તુનું લક્ષ થવા માટે જ આ સર્વ સુખદાયી શાસ્ત્રો કહ્યાં છે. અનંત ગુણ-રત્નોનો 'પરમનિધાન' એવો આ આત્મા 'પ્રગટ મુખ આગળે' પડ્યો છે, તે આ અજ્ઞાની જગત્ ઉલ્લંઘીને ચાલ્યું જાય છે: તેને આ પરમ નિધાનનું ભાન કરાવનાર આ જગદીશ જિન ભગવાન્‌ની પ્રવચન જ્યોતિ છે.

"જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિં કાંઇ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ."—**શ્રીમદ્ રાજચંદ્રજી.**

"પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય;
જ્યોતિ વિના જુઓ! જગદીશની, અંધોઅંધ પલાય...
ધર્મ જિનેસર ગાઉં રંગશું."—**શ્રી આનંદઘનજી.**

**'પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે'**

આવી સ્વ-પરના ભેદરૂપ વિવેક કરાવનારી મહામહિમાવાન અમૂલ્ય પ્રવચન-વાણીની પ્રાપ્તિ થાય, તો જીવની 'દૃષ્ટિ' ખૂલે. જેમ નેત્રરોગીને સદ્અંજન આંજવામાં આવતાં તેનો નેત્રરોગ દૂર થાય ને દૃષ્ટિ ખૂલે; તેમ જેને મિથ્યાદર્શનરૂપ અથવા દૃષ્ટિરાગરૂપ નેત્રરોગ લાગુ પડ્યો છે, એવા આ જીવને પ્રવચન-અંજનના પ્રયોગથી જ્ઞાનાંજન શલાકાથી તે દૃષ્ટિઅંધપણારૂપ દૃષ્ટિરોગ નષ્ટ થાય છે, અને આંતરદૃષ્ટિરૂપ દિવ્ય ચક્ષુ-'દિવ્ય નયન' ખૂલે છે, આધ્યાત્મિક એવી યોગદૃષ્ટિ ઉન્મીલન પામે છે, એટલે મેરુ સમા મહિમાવાળો જે 'પરમ નિધાન પ્રગટ મુખ આગળે' છે એવા જગધણી આત્માનું-પરમાત્માનું તેને હૃદય-નયનથી દર્શન થાય છે.

"પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન;
હૃદય-નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન."—**શ્રી આનંદઘનજી**

**'જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે'**

આમ પ્રવચનવાણીનો મહિમા મેરુ સમો મહાન્ છે. આ જિન પ્રવચનને જ્ઞાનીઓએ 'સમુદ્ર'ની ઉપમા આપી છે તે પણ અત્યંત યથાર્થ છે, કારણ કે તેનો બોધ અગાધ છે, પરમ પરમાર્થ ગંભીર છે, '**बोधागाधं**' સુપદ પદવીરૂપ જલપૂરથી તે સુંદર છે. અહિંસારૂપ વિપુલ લહરીઓથી તે અગાહ દેહવાળો છે. તે ચૂલારૂપ વેલાવાળો અને ગુરુગમરૂપ મણિથી સંકુલ-ભરપૂર છે. આવા પ્રવચન-સમુદ્રનો પાર પામવો દુષ્કર છે. (જુઓ શ્રી હરિભદ્રસૂરિકૃત સંસારદાવા० સ્તુતિ). આવી આ પ્રવચન વાણીને જેટલી ઉપમા આપવામાં આવે તેટલી ઓછી છે, '**ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ.**' આવી અનુપમ ગુણકારિણી જિનવાણીનો બાલજીવો ખ્યાલ નથી પામતા, તે ગુણખાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાણી તો જેણે જાણી તેણે જ જાણી છે. '**જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે**' અને તેવા પ્રકારે જૈનદર્શનની અપૂર્વ પ્રભાવના કરનારા **મોક્ષમાળા** ગ્રંથમાં '**જિનેશ્વરની વાણી**' ની મુક્તકંઠે પ્રશંસા કરતાં **શ્રીમદ્ રાજચંદ્રજી**એ અનન્ય ભાવથી સંગીત કર્યું છે:-

"અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગતહિતકારિણી હારિણી મોહ, તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ, આપવાથી નિજ મતિ મપાઇ મેં માની છે;
અહો! રાજચંદ્ર બાલ ખ્યાલ નથી પામતા એ, જિનેશ્વરતણી વાણી જાણી તેણે જાણી છે."

—**શ્રીમદ્ રાજચંદ્રજી**

પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય, તો દોષ ટળે ને દૃષ્ટિ ખૂલે એમ ઉપરમાં કહ્યું, તો આ પ્રવચનવાણીની પ્રાપ્તિ પણ કેમ થાય? તે માટેની પરમ અર્થગંભીર કારણપરંપરાનો ભક્તકવિ **આનંદઘનજી** ઉપન્યાસ કરે છે:—

પરિચય પાતક ઘાતક સાધુશું રે, અકુશલ અપચય ચેત;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી રે, પરિશીલન નય હેત...
સંભવ દેવ તે ધુર સેવો સેવે રે. ૪

**અર્થ**:—પાતકનો-પાપનો ઘાત-નાશ કરનાર એવા પાતકઘાતક સાધુ સાથે પરિચય, અકુશલ-અશુભ ભાવના અપચયવાળું (ક્ષીણ મલવાળું) ચિત્ત, અને અધ્યાતમ ગ્રંથનું શ્રવણ-મનન કરી તેનું નય-હેતુપૂર્વક પરિશીલન,-(આમ કારણપરંપરા છે).

## વિવેચન

અત્રે પ્રવચનપ્રાપ્તિમાં કારણભૂત ત્રણ સંકલનાબદ્ધ કારણનો ઉલ્લેખ છે: (૧) પાતકઘાતક સાધુનો પરિચય, (૨) ક્ષીણ મલવાળું ચિત્ત, (૩) અધ્યાત્મ ગ્રંથના શ્રવણ-મનનાદિ. આનો અનુક્રમે વિચાર કરીએ.

### 'પરિચય પાતક ઘાતક સાધુશું'

પાતકનો-પાપનો ઘાત-નાશ કરે, પાપ-દોષને હણી નાંખે એવા સાધુ-પુરુષનો પરિચય થાય તો પ્રવચનવાણીની પ્રાપ્તિ થાય. પ્રાપ્ત હોય તેની પાસેથી પ્રાપ્તિ થાય. ઐશ્વર્યવંત હોય તે દારિદ્ર ફેડે 'કૂવામાં હોય તો હવાડામાં આવે' જેને પ્રવચનવાણી પ્રાપ્ત હોય અર્થાત્ આત્મપરિણામ પામી હોય, એવા 'પ્રાપ્ત' પરિણત ભાવિતાત્મા સાધુપુરુષ જ તેની પ્રાપ્તિમાં આપ્ત ગણાય. સાધુ કોણ? અને કેવા હોય? તે વિચારવા યોગ્ય છે. સાધુના કપડાં પહેર્યાં, દ્રવ્ય લિંગ ધારણ કર્યું, એટલે સાધુ બની ગયા એમ નહિં, પણ આદર્શ સાધુ ગુણસંપન્ન હોય તે સાધુ, જેનો આત્મા સાધુત્વગુણે ભૂષિત હોય તે સાધુ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને સમ્યક્પણે સાધે તે સાધુ, જે આત્મજ્ઞાની ને ખરેખરા આત્મારામી હોય તે સાધુ, એ વાર્તા સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે. અત્રે આવા ભાવસાધુ જ મુખ્યપણે વિવક્ષિત છે. 'આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે' તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શું એ હાર ટોડલો ગળી ગયો ?

## સતી દમયંતીના સત્યની અગ્નિપરીક્ષા.

લેખકઃ-શ્રીયુત મગનલાલ મોતીચંદ શાહ,—વઢવાણકેમ્પ.

( હપ્તો : ૫, ગતવર્ષના પૃષ્ઠ ૨૦૬ થી શરૂ. )

વિચારોના વમળમાં ઝોલાં ખાતું, તપ અને સ્વાધ્યાયના ઉગ્ર પાલનથી અતિ કૃશ થઇ ગયેલું, તેમજ નળરાજાના વિરહથી દુઃખી થયેલું અને બીજી વિટંબનાઓથી ઘેરાયેલું મહાસતી દમયંતીનું શરીર સસની બોલબાલા ગવાયા પછી વિપ્ર સુદેવના આવવાના સમાચાર સાંભળી આજે કાંઇક શાંતિ અનુભવે છે અને મુખ પર સહજ લાલી દેખાય છે. જો કે મહારાજા નળના કુશળ વર્ત્તમાન ન મળે ત્યાં સુધી સાચી શાંતિ તો નથી જ, પરંતુ શ્રદ્ધા અને સદ્ધર્મનું આલંબન ટોડલાવાળા ચમત્કારિક બનાવ પછી દિનપ્રતિદિન વૃદ્ધિ પામતું હોવાથી, મહારાજાને હવે 'હું થોડા જ કાળમાં મળીશ.' એવી ઊંડી ઊંડી આશામાં આજે મુખ ઉપર જરા સ્ફૂર્તિ જણાય છે.

વિપ્ર સુદેવ ભીમક રાજાનો વિશ્વાસુ અને પવિત્ર કુળગુરુ હતો. બ્રાહ્મણ છતાં એનો અંતરાત્મા સ્વાર્થ રહિત હતો. નિઃસ્પૃહી અને પ્રમાણિક હોવાથી તે મહારાજા ભીમકનો પવિત્ર પ્રેમ મેળવી શકયો હતો. જેથી જ દમયંતીને શોધવાનું કામ તેને સોંપવામાં આવ્યું હતું, તેમજ દમયંતીના વનવાસ વખતે તેનાં બે બાળકોને આજ વિપ્ર સુદેવ સાથે વિદર્ભ દેશમાં મોકલવામાં આવ્યાં હતાં, એટલે આ વફાદાર અને સદાચારી વિપ્ર પ્રતિ મહાસતીએ દૃષ્ટિ ફેરવી. આજ સુધી કોઇપણ પુરુષ પ્રતિ સામી દૃષ્ટિ નહીં કરનારી આ મહાદેવીએ સજળ નેત્રે વિપ્ર સુદેવ સામું જોઇને એક પછી એક પ્રશ્નો પૂછવા માંડ્યા. દમયંતી સામું જોતાં જ સુદેવનું હૃદય પણ ભરાઇ આવ્યું અને આંખમાંથી નીર નીકળવા લાગ્યાં. આ સ્વાભાવિક દૃશ્ય જોઇ રાજમાતા, ઇંદુમતી, સુનંદા અને પાસે ઉભેલા બધા માણસો ગળગળા થઇ ગયા. રાજમાતાએ દમયંતીને આલિંગન દઇ ખૂબ આશ્વાસન આપ્યું અને વિપ્ર સુદેવનો સારો સત્કાર કર્યો.

દમયંતી—મહારાજ ! મારા તીર્થસ્વરૂપ માતાપિતા કુશળ છે ને ?

સુદેવ—હા બહેન, સૌ સુખશાંતિમાં છે.

---

'મુનિગણ આતમરામી રે' ઇત્યાદિ આનંદઘનજીના અન્ય વચનો પણ આ જ સૂચવે છે. દ્રવ્યાચાર્ય-દ્રવ્ય સાધુ વગેરે તો ખોટા રૂપીઆ જેવા છે, તેને માનવા તે તો કૂડાને રૂડા માનવા જેવું છે અને તે રૂડું નથી, માટે ભાવાચાર્ય-ભાવ સાધુ આદિનું જ માન્યપણું શાસ્ત્રકારે સંમત કરેલું છે. આવશ્યકનિર્યુક્તિમાં ધાતુ અને છાપના દૃષ્ટાંતે **શ્રી ભદ્રબાહુ-સ્વામીએ** અને યોગદષ્ટિસમુચ્ચયમાં યોગબીજ પ્રસંગે **શ્રી હરિભદ્રસૂરિએ** એ જ વાત કરી છે. નમસ્કાર મંત્રમાં પણ પંચ પરમેષ્ઠિ મધ્યે જેને ગૌરવભર્યું સ્થાન આપ્યું છે તે મુખ્યપણે યથોક્ત ગુણગણગુરુ ભાવાચાર્ય-ભાવસાધુને અનુલક્ષીને. ( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દમયંતી—સુદેવજી! ઇંદ્રસેન અને ઇંદ્રસેનાનાં શરીર સારાં છે ને?

સુદેવ—ધર્માત્મા બહેન! મોસાળ પક્ષમાં સ્વર્ગ સમાન સુખ હોવા છતાં બંને બાળકો માબાપના વહાલ–વાત્સલ્ય પ્રેમ વિના શરીરે સહજ દુર્બળ જેવાં લાગે, પણ બીજી બધી રીતે સુખ અને આનંદમાં છે.

દમયંતી—વિપ્ર સુદેવજી! એ બાળકોને ત્યાં પહોંચાડતાં રસ્તામાં કાંઈ મુશ્કેલી તો નડી નહોતી ને?

સુદેવ—જગદંબા! પ્રભુકૃપાએ અમે કુંડિનપુર પહોંચી તો ગયા, પણ એ બાળકોને સાચવવાનો મને ભય હતો. જંગલમાં વિકરાળ પશુઓ, ક્રૂર માણસો, નદી નાળાં અને મોટા ખડકોમાંથી પસાર થવાનું હતું. અન્ન, પાણીની પણ મુશ્કેલી એવી જ હતી. વર્ષાઋતુ, વાવાઝોડું અને વિદ્યુત્‌ના ચમત્કારોનો પણ અનુભવ થયો હતો. એક વૃક્ષ ઉપર પડેલી વીજળી નજરે જોઈ. બાળકો ગભરાય નહીં માટે વાહનને ચારે તરફથી મઢી લેવામાં આવ્યું હતું. કોઇ કોઇ સ્થળે વાહન ચાલી શકે તેવા સંયોગો પણ ન હોતા, છતાં પ્રભુ પર ભરોસો રાખી હિંમતથી આગળ વધતા હતા. એક વખત અંધારામાં અજાણતાં હિંસક પ્રાણી સન્મુખ જઇ પહોંચ્યા. સિંહ અને સિંહણ તેના બે બચ્ચાં સાથે એક ઝાડીમાં જોવામાં આવ્યા. આ જોતાં જ મારા તો રામ જ રમી ગયા. મને મરવાની બીક નહોતી, પણ આ બાળકોના જીવનના બહુ ઉચાટ થતા. પ્રભુ આ બાળકોને નિર્વિઘ્ને કયારે પહોંચાડશે? એ જ ચિંતામાં કેટલોક વખત તો હું બેભાન જેવો બની જતો. આ પ્રાણીઓને જોતાં પ્રથમ તો હું ગભરાયો; પણ પછી યાદ આવ્યું કે—

- यद्भावि तद्भवत्येव, यन्न भावि न तद्भवेत् ।
इति निश्चितबुद्धीनां, न चिन्ता बाधते क्वचित् ॥

- જે બનવાનું છે તે અવશ્ય બને છે, અને જે નથી બનવાનું તે કદી બનતું જ નથી જેથી બુદ્ધિમાન માણસો આ નિશ્ચયને જાણીને તે સંબંધે કોઇપણ પ્રકારની ચિંતા કરતા નથી.

પરંતુ આવા અનિશ્ચિત ભાવિમાં ઇષ્ટદેવની આરાધના એ જ માત્ર સાચો દાવ છે, પામર મનુષ્યનું શું ગજું? કે તે આ મૃત્યુના મુખમાંથી બચી શકે. આમ વિચારતાં હૃદયમાં શ્રદ્ધા પ્રગટી અને મને એક શ્લોક યાદ આવ્યો.

- नाम्नोऽस्ति यावती शक्तिः पापनिहरणे प्रभोः ।
तावत् कर्तुं न शक्नोति पातकं पातकी जनः ॥

- પ્રભુના નામસ્મરણમાં પાપ હરવાની એટલી બધી શક્તિ છે કે–પાપી માણસ તેટલું પાપ કરવાને શક્તિમાન નથી. અહાહા! આ પ્રભુના નામસ્મરણનો મહિમા! આ વિચારણાએ હૃદય વધારે દૃઢ બન્યું. અમે પ્રભુસ્મરણ કરતા કરતા આગળ ચાલ્યા, અને આ પ્રાણીઓ નિર્વૈરી બની અમારા સામું જોઇ રહ્યા. પ્રભુએ અમને બચાવ્યા. હું તો આ પરમ ભાગ્યવાન્ બંને બાળકોના પુણ્યનું જ કારણ માનું છું. હિંસક જીવો જ્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિંસક બને ત્યારે તેમાં કોઇ દૈવી આદેશ હોવો જ જોઇએ. આ ઉપરાંત બીજાં કેટલાંક નાનાં મોટાં કષ્ટો અમોને પડ્યાં હશે તે હાલ હું કહીશ નહિ.

દમયંતી—મહારાજ ! તમે બહુ વિટમ્બનાઓ ભોગવી પરમ કૃપાળુ પરમાત્માની આપણા ઉપર ઘણી કૃપા સમજવી. તમારી પ્રભુભક્તિએ સૌને બચાવ્યાં. હિંસક પ્રાણીઓ જ્યાં અહિંસક બને ત્યાં ખરેખર ધર્મનો જ પ્રતાપ સમજવો. સદ્ધર્મને ધારણ કરનારો જીવ કોઇની સાથે વૈર બાંધતો નથી, નિર્વૈરીનો વૈરી કોણ હોય ? એ હિંસક પ્રાણીઓ પણ પૂર્વના વૈર વિના કોઇને દુઃખ દેતાં નથી. જ્યાં વૈરભાવ નથી ત્યાં દુઃખ પણ નથી. સંસારયાત્રામાં આપણને આવું ઘણું જ જાણવાનું મળે છે.

સુદેવ—મહાસતી ! ખરી વાત છે, ધર્મનું જ ખરું રક્ષણ છે. "**धर्मो रक्षति रक्षितः**" ધર્મ એ જ જીવને તરવાનું સાધન છે, ધર્મરૂપી મૂડી મુસાફરીમાં પાસે હોય તો મુસાફરને ડરવાનું રહેતું નથી. વનમાં, રણમાં, જંગલમાં, અગ્નિમાં, જળમાં અને એવાં બીજા ભયસ્થાનોમાં પૂર્વે કરાયેલા પુણ્યનું જ રક્ષણ છે.

દમયંતી—મહારાજ ! આપનું કહેવું સત્ય છે, પુણ્યમાં તારકભાવ છે. પુણ્યથી માનવ ઊંચી ગતિને પ્રાપ્ત કરી સુખનો અનુભવ કરતો કરતો તરી શકે છે. જો કે બંધની અપેક્ષાએ તો પુણ્ય અને પાપ બંને બંધ છે, પરંતુ પુણ્ય એ બંધ છતાં સુખનું કારણ છે અને પાપ એ બંધ છતાં દુઃખનું કારણ છે. પુણ્યનો જથ્થો જ્યારે જીવથી જૂદો પડે છે ત્યારે તે કેટલું કષ્ટ ભોગવે છે તે અનુભવી જ કહી શકે. અમે પણ અમારા પાપનો જ ઉદય આજે ભોગવીએ છીએ. ( એમ કહેતાં નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી જાય છે. )

સુદેવ—મહાદેવી ! આપનું કહેવું યથાર્થ છે. પાપના ઉદયથી જીવ મુંઝાય છે, પરંતુ જીવ સત્પુરુષોએ બતાવેલો માર્ગ હિંમતથી પકડી રાખે છે.

દમયંતી—મહારાજ ! અમારા વનવાસના ખબર સાંભળી મારા માતાપિતા બહુ દુઃખી થયા હશે, ખરું ને ?

સુદેવ—બહેન ! એ દુઃખમાં શું કહેવું પડે ? રાજારાણીએ જ્યારે મારા તરફના સમાચાર સાંભળ્યા અને બાળકોને જોયા કે તુર્ત જ મૂર્ચ્છાવશ થઈ ગયા. માતાપિતાના પ્રેમની એ અવધિ હતી. એ માતાપિતાએ આજે બાર બાર વર્ષ થયાં નિરાંતે ઊંઘ લીધી નથી કે સ્વાદિષ્ટ ભોજન જમ્યા નથી. સારાં વસ્ત્રો અને આભૂષણોનો તો ત્યાગ કર્યો છે. માત્ર સંન્યાસ અવસ્થા જ ગાળે છે. પુત્રી ને જમાઇના વનવાસથી થતું દુઃખ વર્ણવી શકાય તેમ નથી. " ત્રણ ભાઇની બેન પનોતી " ત્રણ ભાઈની બેનને ભાગ્યશાળી કહેવામાં આવે છે. આ ભાગ્યશાળી એકની એક પુત્રી અને જમાઇ આજે વનવાસ ભોગવે એ દુઃખમાં રાજા રાણી ઘેરાઇ ગયાં છે.

દમયંતી—મહારાજ ! મારા ત્રણે બાંધવો કુશળ છે ને ?

સુદેવ—રાજપુત્રી ! તમારા ત્રણે ભાઇઓ દમન, દંતુ અને દુર્દમન કુશળ છે. રાજની ધુરા ત્રણે ભાઇઓ મળીને સંપથી ચલાવે છે. બેન અને બનેવી વનવાસમાં રહે ત્યાંસુધી માત્ર સફેદ વસ્ત્ર પહેરવાનો અને અશ્વારૂઢ નહિ થવાનો નિર્ણય કર્યો છે. માતા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાની ભક્તિ અને પ્રજાની સેવા એ એમનું મુખ્ય કર્તવ્ય છે, પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી દેખાય છે. વિદર્ભની પ્રજા આજે નળ અને દમયંતીના નામની માળા ફેરવી રહી છે તેમજ ઇશ્વરની આરાધના કરી રહી છે, જે આરાધના પ્રભુ હવે તુર્તમાં જ સફળ કરશે.

દમયંતી—મહારાજ ! મારા બંને બાળકો આટલા લાંબા સમયમાં કાંઇ શિક્ષણ પામ્યા છે કે ?

સુદેવ—અખંડ સૌભાગ્યવંતા બહેન ! એ બંને બાળકો તો કોઇ દૈવી શક્તિવાળાં છે. ઇંદ્રસેને તમામ પ્રકારની વિદ્યા અને કળાકૌશલ્ય પ્રાપ્ત કર્યાં છે. તેમજ ઇન્દ્રસેનાએ પણ આર્ય કન્યાને યોગ્ય ઉત્તમ પ્રકારની લાક્ષણિક કેળવણી ને ચારિત્રનું જ્ઞાન મેળવ્યું છે. આર્ય સંસ્કૃતિના નમૂનારૂપ બંને બાળકો શોભી રહ્યાં છે. રૂપ, ગુણ અને અપૂર્વ બુદ્ધિબળ હોવાથી ચારે તરફ પ્રશંસા થઇ રહી છે, રાજા રાણી આ બાળકોને પળવાર પણ વીલાં મૂકતાં નથી.

દમયંતી—( હળવેથી લજ્જિત વદને ) મહારાજ ! નૈષધપતિના કાંઇ સમાચાર આજ સુધીમાં સાંપડ્યા છે કે ?

સુદેવ—જગતદેવી ! તમારા માતાપિતાએ તમારા વનવાસના ખબર સાંભળ્યા પછી ચારે દિશામાં માણસોને ભ્રમણ કરવા મોકલી દીધા છે, પરંતુ કોઇ તરફથી તેમના સમાચાર મળ્યા નથી. ભ્રમણ કરનાર માણસોમાંનાં કેટલાક તો હજી સ્વદેશ પાછા ફર્યા નથી. એટલે રાજા, રાણી અને પ્રજાજન આજે બહુ જ ચિંતાતુર છે. મને લાગે છે કે દુઃખનો પણ અંત હોય એટલે પ્રભુકૃપાએ મહારાજા નળના સમાચાર પણ યથાવસરે આવી પહોંચશે. બહાર ગયેલા દૂતો હજુ બધા આવી શકયા નથી જેથી ધારણા રહે છે કે-કોઇ સારા સમાચાર લઇને જરૂર પાછો ફરશે.

દમયંતી—( સ્વગત ) અરે ! એ સમાચાર તો કયાંથી હોય ? ગુપ્તવાસ સિવાય તો બાર વરસ પસાર થાય જ નહિ. મને છોડવાનું કારણ પણ મહારાજાને ગુપ્ત વનવાસનું જ હોવું જોઇએ એ સત્યવાદી વચનનિષ્ઠ આત્માને મારો દ્રોહ ન જ હોય, પરંતુ આવેલી આપત્તિમાંથી નીકળવું એ જ ભાવના ઉદ્ભવી હોય. આવા પુરુષસિંહરૂપ આત્મા પોતાની અર્ધાંગનાને કદી તજે નહિ, પરંતુ ગુપ્તવાસનો ભય જ તેમને મુંઝવતો હશે. આજે કેવા અગોચર સ્થાનમાં તેમનો આત્મા વિહરતો હશે, કેવાં સુખ દુઃખ અનુભવતો હશે ? તે કોણ જાણી શકે ? સોનાના છત્રો જેના શિર પર શોભી રહ્યાં હતાં તે આત્મા આજે વનવાસનાં કેવાં દુઃખો ભોગવતો હશે ? શું ખાવાપીવાનું કે પહેરવા ઓઢવાનું મળ્યું હશે ? વિધાતા ! તારો કોપ હવે કયાં સુધી ચાલશે ? કળિ ! કળિ ! તેં તો હદ કરી.

આમ વાતચીત ચાલે છે, રાજમાતા, ઇંદુમતી ને સુનંદા હવે તો દમયંતીને પળવાર પણ પોતાનાથી અલગ રાખતા નથી, અને એટલો વાત્સલ્યભાવ બતાવે છે કે તેનું વર્ણન થઇ શકે નહિ. માતા પિતાનો પુત્ર પુત્રી પર વાત્સલ્ય ભાવ હોય છે, પરંતુ આ વાત્સલ્ય ભાવમાં બીજા ઘણા ધર્મભાવો ભરેલા હોવાથી આ ભાવ દમયંતીનું ભારે રક્ષણ કરી રહ્યો છે. દમયંતીનું વચન આજે દેવવાણી જેવું લાગે છે, એકેકું વચન પડતાંની સાથે આખું કુટુંબ ઝીલવાને તૈયાર રહે છે. ગઇ કાલની દાસી આજે માનનીય દેવી તરીકે પૂજાય છે. અહા ! હા ! કર્મદેવ ! તારી ગતિ વિચિત્ર જ. હવે દમયંતી શું બોલશે એ સાંભળવાને સૌની જિજ્ઞાસા વૃદ્ધિ પામતી જાય છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નટચરણ અને નૃત્ત(ત્ય)ગતિ

( લે૦ પ્રો૦ હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

જે અગ્રગણ્ય તારાઓ વડે જૈન વાઙ્મયરૂપ ગગન સદા ઝગહળે છે તેમાં 'કલિકાલ-સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આ શ્વેતાંબર આચાર્યે સાંપ્રદાયિક તેમજ સાર્વજનીન સાહિત્યનું સર્જન કર્યું છે. આ ઉભય પ્રકારના સાહિત્યનું પરિશીલન કરવા પ્રતિષ્ઠિત અજૈન વિદ્વાનો લલચાયા છે. **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રનો** અંગ્રેજી ટિપ્પણપૂર્વકનો અનુવાદ ડૉ. હેલેન જોનસને તૈયાર કર્યો છે અને એના ચાર ભાગ પૈકી બે ભાગ ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાલામાં પ્રસિદ્ધ થયા છે. **સિદ્ધહેમચન્દ્રના** આઠમા અધ્યાયનું અને એની સ્વોપજ્ઞ વૃત્તિનું જર્મન ભાષાંતર સહિત સંપાદન જર્મન વિદ્વાન્ ડૉ. પિશેલે ઈ. સ. ૧૮૭૭–૮૦ માં કર્યું છે. આ અધ્યાયની સ્વોપજ્ઞ વૃત્તિગત "અપભ્રંશ મુક્તકો"નો અંગ્રેજી અનુવાદ ડૉ. પી. એલ. વૈદ્યે કર્યો છે.

જેમ વ્યાકરણ સાર્વજનીન સાહિત્યનું અંગ છે તેમ છંદ પણ છે. એને અંગે આ સૂરિવર્યે **છંદોનુશાસન** રચ્યું છે! આનું સ્વોપજ્ઞ વૃત્તિ સહિત સંપાદન સ્વ. આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરિજીએ ઇ. સ. ૧૯૧૨માં કર્યું હતું. ત્યારપછી એનું [1]સંસ્કરણ આજ દિન સુધી કોઇ જૈન વ્યક્તિએ કે સભાએ પ્રકાશિત કર્યું નથી. એના ચોથા અધ્યાયનો ઉત્તરાર્ધ તેમજ એના પછીના ત્રણ અધ્યાયો અને સ્વોપજ્ઞ વૃત્તિ પ્રો. વેલણકર દ્વારા સંપાદિત થયેલ છે. આ અજૈન વિદ્વાને હાલમાં ભાષ્ય સહિત **રત્નમંજૂષાનું** સંપાદન કર્યું છે. એમણે અંગ્રેજીમાં ટિપ્પણો અને પ્રસ્તાવના લખી આ સંપાદનની મહત્તામાં વૃદ્ધિ કરી છે. આ પ્રસિદ્ધ કરવાનું સ્તુત્ય પગલું કાશીની ભારતીય જ્ઞાનપીઠે ભર્યું છે. ટિપ્પણો તેમજ પ્રસ્તાવના વાંચતાં મને આ લેખ લખવાનું મન થયું, કેમ કે એમાં એ ઉલ્લેખ છે કે–"નટચરણ" અને "નૃત્યગીતિ" એ બે છંદો વિષે પિંગલે કે કેદારે નિર્દેશ કર્યો નથી. [2]હેમચંદ્ર અને **રત્નમંજૂષાના** કર્તાને મતે આ સંસ્કૃત છંદો છે.[3] એ દક્ષિણ ભારતના લાગતા નથી. કંઇ નહિં તો એ કન્નડ છંદો નથી. કેમકે જયકીર્તિએ કન્નડ છંદોમાં એનો ઉલ્લેખ કર્યો નથી.[4] પ્રો. વેલણકરના મતે આ બે છંદોના નામ હેમચન્દ્રસૂરિ અને **રત્નમંજૂષાના** કર્તા-કોઈ જૈન આચાર્ય સિવાય અન્યને ખબર હોય એમ જણાતું નથી.[5]

એમણે બીજી વિશિષ્ટતા એ નોંધી છે કે–આ બંને છંદોનાં લક્ષણ બંને કૃતિમાં સર્વથા મળતા આવે છે,[6]

---

૧ આની આવશ્યકતા છે, કેમકે કેટલાક પાઠો વિચારણીય જણાય છે.

૨ જુઓ પ્રસ્તાવના (પૃ. ૧). ૩ જુઓ ટિપ્પણો (પૃ. ૫૨). ૪–૫ એજન (પૃ. ૫૨). ૬ જુઓ ટિપ્પણો (પૃ. ૫૧–૨)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજી બાબત એ છે કે આ છંદોનાં ઉદાહરણ **છંદોનુશાસન**ની સ્વોપજ્ઞ વૃત્તિમાં તેમજ **રત્નમંજૂષા** ઉપર કોઇક જૈને રચેલા ભાષ્યમાં છે ખરાં, પરંતુ યતિની દૃષ્ટિએ હેમચન્દ્રસૂરિનાં ઉદાહરણો પૂરેપૂરાં સંતોષકારક છે, જ્યારે ભાષ્યની સ્થિતિ એથી વિપરીત છે. આ ઉપરથી હેમચન્દ્રસૂરિની પસંદગી કરવાની રીતિ પ્રશંસાપાત્ર ઠરે છે. કોઇ કોઇ અજૈન વિદ્વાનો હેમચન્દ્રસૂરિને સંગ્રાહક અને નામઠામ લીધા વિના અન્ય કૃતિઓમાંથી ઉદ્ધરણ રજૂ કરનાર કહી એમની કીર્તિને ઝાંખપ લગાડવા તલપાપડ જોવાય છે તો તેઓ આ બે છંદોનાં નામ અને ઉદાહરણોને લગતી બાબત શાંતચિત્તે વિચારશે ખરા ?

**લક્ષણો—છંદોનુશાસનમાં** " નૃત્યગતિ "ને બદલે " નૃત્તગતિ " એવો ઉલ્લેખ છે. એના ત્રણ અધ્યાયના અંતમાં માત્રાસમક પછી આ તેમજ " નટચરણ "નાં લક્ષણ અપાયાં છે. તેમાં " નટચરણ "નું લક્ષણ નીચે મુજબ છેઃ—

" **चो गीर्नटचरणं जैः ॥ ७१ ॥** "

અર્થાત્ દરેક ચરણમાં ચાર માત્રાવાળો એક ગણ છે, અને ચાર ગુરુ અક્ષર છે. વળી આઠ માત્રા પછી યતિ છે. આ છંદના લક્ષણ પરત્વે **રત્નમંજૂષા**( અ. ૩ )માં નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ—

" नटचरणं [1]दि । २५ । मेवान्त्यः । २६ । [2]दाण्च । २७ । [3]छेदः । २८ । "

' નટચરણ ' એ ચાર ચરણનો છંદ છે. દરેક ચરણમાં ચચ્ચાર માત્રાવાળા ત્રણ ગણો છે અને એમાંના છેલ્લા બંને ગણોમાં બબ્બે દીર્ઘ અક્ષરો છે. વિશેષમાં યતિ બીજા ગણ પછી આવે છે. આમ આ લક્ષણ ઉપર્યુક્ત લક્ષણ સાથે સર્વથા મળે છે.

**છંદોનુશાસન**( અ. ૩ )માં " નૃત્તગતિ "નું લક્ષણ નીચે મુજબ જોવાય છેઃ—

" चौ गौ चौ( ? चो ) गौ नृत्तगतिष्टैः ॥ ७२ ॥ "[4]

**ઉદાહરણો—છંદોનુશાસન**ની સ્વોપજ્ઞ વૃત્તિ( પત્ર ૨૬ આ )માં ' નટચરણ 'નું ઉદાહરણ નીચે મુજબ છે.—

* **૧–૨ દ, દા, દિ** ઇત્યાદિ **૧**, ૨, ૩ ઇત્યાદિ અંક અનુક્રમે સૂચવે છે. આ ગ્રંથકારની એક નવલ યોજના છે. કેટલીકવાર દ ઇત્યાદિ અક્ષર સાથે ગ્રંથકાર ' ણ ' પૂરણાર્થે, પ્રો. વેલણકર કહે છે કે શોભાર્થે જોડે છે. આ વાત ધ્યાનમાં રાખનાર સહેજે સમજશે કે 'દિ' એટલે ત્રણ અને ' દાણ ' એટલે બે.
* ૩ આનો અર્થ ' યતિ ' છે. એ કર્ણને અનુકૂળ જણાય ત્યાં હોવી ઘટે. યતિને અંગે પ્રથમ અધ્યાયમાં ૧૮ મું અને ૧૯ મું સૂત્ર છે. એનો ભાષ્ય સાથે વિચાર કરતાં એનો પૂરેપૂરો અર્થ સમજાતો નથી એમ પ્રો. વેલણકરે ટિપ્પણ( પૃ. ૪૨ )માં કહ્યું છે ત્રીજા અધ્યાયના ૧૮ મા સૂત્ર વિષે પણ એમણે એમ કહ્યું છે. જુઓ પૃ. ૫૧.
* ૪ આ સૂત્રનો પાઠ અશુદ્ધ અને એની વૃત્તિ અપૂર્ણ છે, એમ છપાયેલી આવૃત્તિ જોતાં જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ ચચ્ચાર માત્રાવાળા બે ગણો, બે દીર્ઘ અક્ષર, એક ચાર માત્રાવાળો ગણ અને બે ગુરુ અક્ષર દરેક ચરણમાં છે. વળી બારમી માત્રા પછી યતિ છે.

રત્નમંજૂષા( અ. ૩ )માં આ છંદનું સ્વરૂપ નીચે પ્રમાણે અપાયું છે.

" नृत्यगतिर्द्वै । २१ । मेवान्त्यः तस्यपि । २२ । दिग्च । २३ । छेदः । २४ । "

આનો અર્થ એ છે કે-આ છંદમાં ચાર ચરણો છે. દરેકમાં ચચ્ચાર માત્રાવાળા પાંચ ગણો છે. એ પૈકી ત્રીજા તેમજ પાંચમા ગણમાં પણ બબ્બે દીર્ઘ અક્ષરો છે અને યતિ ત્રીજા ગણના અંતમાં છે. આમ આ લક્ષણ પૂર્વોક્ત લક્ષણ સાથે સર્વાંશે મળતું આવે છે.

" कर्मविशेषाद् दिव्यो मर्त्यस्तिर्यग्रूपः ।
इह भवनाट्ये जन्तुर्नटचरणं ही धत्ते ॥ "

આનો અર્થ એ છે કે આ [1]ભવરૂપ નાટકમાં કર્મવિશેષને લઇને દેવ, મનુષ્ય અને તિર્યંચરૂપ પ્રાણી નટના આચરણને, અરેરે, ધારણ કરે છે-નટ પ્રમાણે વર્તે છે.

રત્નમંજૂષાના ભાષ્ય( પૃ. ૧૨ )માં નીચે પ્રમાણેનું ઉદાહરણ છેઃ-

" नटचरणादपि चपला चलतीयं युवतेति ।
युवतायां मदमार्याः कुरुत न मो(भोः) कुरुत तपः ॥ "

અર્થાત્ નટના ચરણથી પણ ચપળ એવી આ જુવાની ચાલે છે-વહી જાય છે. હે આર્યો! જુવાનીમાં અભિમાન ન કરો; તમે તપ કરો.

હેમચન્દ્રસૂરિએ પત્ર ૨૬ આમાં "નૃત્તગીતિ"નું ઉદાહરણ નીચે પ્રમાણે આપ્યું છે.

"अधुना ध्याना ध्वनति गभीरं मेघमृदङ्गे, [2]चन्द्यां? तडिति पुरस्ताच्चित्रपदायाम् !
इह किमपि नीलकण्ठः प्रमुदितचित्तो गीतगतिं तनुतेऽसौ नृत्तगतिं च ॥ "

આનો અર્થ એ છે કે હમણાં જ્યારે મેઘરૂપ મૃદંગ ગંભીરપણે ગાજે છે-ધ્વનિ કરે છે અને સામે ચિત્ર ( વિચિત્ર ) પદવાળી વીજળી પ્રકાશે છે. ( ? ) ત્યારે અહીં હષ્ટ બનેલા ચિત્તવાળો પેલો મોર ગીતની ગતિને તેમજ નૃત્યની ગતિને વિસ્તારે છે.

રત્નમંજૂષાના ભાષ્ય( પૃ. ૧૨ )માં "નૃત્યગતિનું" ઉદાહરણ નીચે પ્રમાણે છેઃ-

" मर्त्येषु कदाचित् तिर्यक्षु कदाचित् स्वर्गेषु कदाचिच्छ्वभ्रेषु कदाचित् ।
कृत्वा किल जननं श्रुत्वा बहुरूपं नृत्यगतिं जीवो वर्तयति च नित्यम् ॥ "

અર્થાત્ કોઇક વાર મર્ત્યોમાં એટલે કે મનુષ્યોમાં, ક્વચિત્ તિર્યંચોમાં, કોઇક વેળા

---

૧ આવો પ્રયોગ શેક્સપીઅરે As you like it ( Act II, s. c. VII. ll. 138-9 )માં કર્યો છે.

૨ આ પંક્તિનો અને ખાસ કરીને પ્રથમ શબ્દનો અર્થ બરાબર સમજાતો નથી. શું અહીં પણ અશુદ્ધ પાઠ છપાયો છે? એમ હોય તો એ તેમજ પૂર્વોક્ત પાઠની અશુદ્ધતા ને અપૂર્ણતા દૂર કરવા વિશેષજ્ઞોને વિનવું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એમાં કોનો વાંક ?

અનુ૦–અભ્યાસી. બી. એ.

દરેક મનુષ્યની ઈચ્છા એવી હોય છે કે હું સુખી રહું; પરંતુ કોઈ પણ માણસ સુખી દેખાતો નથી. કેમકે મનુષ્યની ઈચ્છાનો ઝરો ખૂટતો નથી અને જ્યાં સુધી ઇચ્છા રહે છે ત્યાં સુધી ચંચલતા રહે છે જ. જ્યાં ચંચલતા છે ત્યાં સુખ કયાંથી હોય ? '**अशांतस्य कुतः सुखम् ?**" પછી કયારેક ઇચ્છા પૂરી થાય છે તો લોભ થાય છે અને પૂરી ન થાય તો ક્રોધ થાય છે. અશાંતિ વધતી જ જાય છે. એટલા માટે આપણે પહેલાં ઈચ્છાનું દમન કરવું જોઇએ; કેમકે આપણે માટે એ નકામી વસ્તુ છે. જો આપણો માલિક આપણને કયારે કયી વસ્તુની આવશ્યકતા છે એનો ખ્યાલ રાખે છે અને તે પોતે આપણને આવશ્યક વસ્તુનું પ્રદાન કરે છે તો પછી આપણને એ ચિંતાજાળમાં ફસાઇ રહેવાની

---

સ્વર્ગોમાં અને કદીક નરકોમાં ખરેખર અનેક પ્રકારે જન્મ ધારણ કરીને અને એનું શ્રવણ કરીને જીવ સદા નૃત્યની ગતિને વર્તાવે છે, જાતજાતના નાચ નાચે છે.

**કલ્પના**—'નટચરણ' અને 'નૃત્તગતિ' એ નામો અને એનો જૈનછંદઃશાસ્ત્રીઓ સિવાય અન્ય છંદઃશાસ્ત્રીઓએ 'સંસ્કૃત' છંદ તરીકે પણ નહિ કરેલો નિર્દેશ આ બે મૂળે પાઇય છંદ હશે એવી કલ્પના કરવા મને પ્રેરે છે.

**સંપ્રદાય-રત્નમંજૂષાના** કર્તાનું નામ ઇત્યાદિ જાણવામાં નથી. પ્રો. વેલણકરનું માનવું એ છે કે એઓ કોઇ જૈન આચાર્ય છે, કેમકે એમના ભાષ્યકાર જૈન છે અને 'નટચરણ' તેમજ 'નૃત્યગીત' એ બે છંદોની હેમચન્દ્રસૂરિને જ–જૈન આચાર્યને ખબર છે.

ભાષ્યકાર જૈન છે, કેમકે મંગલાચરણ તરીકે એમણે **વીર** જિનેશ્વરને નમસ્કાર કર્યો છે. વળી એમણે જે ઉદાહરણો આપ્યાં છે તે પૈકી કેટલાયમાં જૈન દર્શનનું નિરૂપણ જોવાય છે. વિશેષમાં [1]નય અને [2]બંધ ઇત્યાદિ વિષે સ્પષ્ટ ઉલ્લેખ છે, આ ભાષ્યકાર શ્વેતાંબર છે કે દિગંબર તેનો નિર્ણય કરવો બાકી રહે છે. 'કન્નડ' લિપિમાં આ ભાષ્ય સહિત મૂળ લખાયેલી બે હાથપોથીઓ ઉપરથી આનું સંપાદન થયું છે એ જોતાં આ દિગંબરની કૃતિ હશે એમ ભાસે છે. બીજી બાજુ અ. ૭ સૂ. ૩૦ ના ઉદાહરણગત "**जिनबुधकथिते**" એવો ઉલ્લેખ શ્વેતાંબરીય વલણ દર્શાવે છે. અંતમાં ભાષ્ય (પૃ. ૩૪) ગત નિમ્ન લિખિત ઉદાહરણ રજૂ કરી હું વિરમું છું:—

**" यज्जिनगीतं स्पष्टपदार्थं गणधरविरचितमृदुविशदपदं**
**तद्देत्त्वविभागव्यक्तिगभीरं सुनिपुणबहुविधनयशतवहनम् ।**
**स्वार्थविशेषध्यानपुराणं क्षपयति मलमपि जनयति पटुतां**
**तद्भुवनैकज्योतिरुदारं श्रुतमपरमयतु मम मतितिमिरम् ॥ "**

---

૧ જુઓ પૃ. ૩૪. ૨ જુઓ પૃ. ૨૪. ૩ જુઓ પૃ. ૩૪.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કયી જરૂર છે ? માતૃપરાયણ બાળકને જ લઇએ. તે પોતાની માતા પર નિશ્ચિંત રહે છે. તે તેને વસ્ત્ર પહેરાવશે, નહવરાવશે, તેની આંખો આંજશે, તેને ભૂખ લાગશે તો દૂધ પાશે. આ દુગ્ધપાનમાં કેવળ ક્ષુધાનિવૃત્તિનો પ્રશ્ન નથી, તેની સાથે તો કોઇ બીજા તત્ત્વનું પણ સંમિશ્રણ છે. મુખ્યપણે તો સ્નેહ જ સમજવો. પોતાના માલીકના કૃપા–સ્નેહ મેળવવાની ઇચ્છા કોને નથી હોતી ? એટલે તો ઇચ્છાનો અધિકાર જ છે. અથવા તો એમ કહેવું જોઇએ કે ઇચ્છાનું જીવન ત્યાં સુધી જ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે–કેવળ પ્રભુ માટે ઇચ્છા હોવી જોઇએ. પ્રભુપ્રેમ વગર પ્રભુનો પ્રસાદ નથો મળતો. જ્યારે પ્રભુ પ્રસન્ન થશે ત્યારે તે અપૂર્વ નિધિનું પ્રદાન કરવામાં વિલંબ નહિ કરે. અને જો આપણે કોઇને પ્રસન્ન કરવા ચાહતા હોઇએ તો આપણે તેની આજ્ઞાનુસાર વર્તવું જોઇએ. કેટલાક દિવસ સુધી મહેનત કર્યા પછી એની લગની લાગી જશે તો પછી આ માયાવી જગતનું આકર્ષણ છતાં પણ તેની તરફ ચિત્તવૃત્તિ ખેંચાશે નહિ.

જન્મથી જ સંસર્ગ હોવાને કારણે આપણે એને સત્ય જ માની લીધું છે. એને ક્ષણભંગુર, નાશવંત, મૃગજળવત્ કહેવામાં આવે છે, શીખવવામાં આવે છે, સંભળાવવામાં આવે છે, પણ હૃદય પર એ વાત ઠસતી નથી. કેમકે આપણું ચિત્ત ભ્રમમાં ફસાઇ રહેલું છે. આપણા હૃદયચક્ષુ ઉપર માયા–મદિરાનો નશો ચઢેલો છે, તેમ તે વાસ્તવિક સત્ય જોઇ શકતા નથી. જે વખતે આપણી તે આંખો તે ભ્રમનિવારક જડીબુટ્ટીને જોશે કે તરત જ સત્ય આપણી સમક્ષ પ્રકટ થઇ જશે અને જ્યારે આપણી સમક્ષ માનસરોવર લહેરાતું હશે ત્યારે આપણને મૃગજલની પાછળ દોડવાની જરૂર નહિ રહે. હા, પછી તે જડીબુટ્ટી ક્યાં છે ? તે છે પ્રભુની નજીક લઇ જનારૂં જ્ઞાન, જે દૂધમાં ઘીની માફક દરેક ધર્મશાસ્ત્રમાં ભરેલું છે પરંતુ આપણે તે જોતા નથી, તેમજ તે આપણી જેવા માટે દુર્ગમ રહ્યું છે, પરંતુ પ્રભુની કૃપા તો જુઓ, તેમણે તો સાધારણ પ્રાણિયોની અસુવિધા દૂર કરવા માટે બધા માણસોને સમાનરૂપે વહેંચી દીધું છે.

હવે એટલું સુલભ હોવા છતાં પણ માણસ પોતાને માટે એવો પ્રયોગ ન કરે તો કોનો દોષ ? માતા બાળકના મુખમાં સ્તન આપે છે, પીવાનું કામ તો બાળકનું છે. એવી જ રીતે વિદ્યાર્થી સ્કૂલમાં હમેશાં જતો હોય, એક દિવસ પણ ગેરહાજર ન રહેતો હોય, છતાં તેનું ધ્યાન રમતમાં હોય અને અધ્યાપક સમજાવતા હોય એમાં ન હોય તો બતાવો એમાં દોષ કોનો છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર કૌશલ્ય

( ૨૯૪ )

**ગમે તેવો સખત ભાર હોય તે માણસ રાત પડે ત્યાં સુધી ઉપાડી શકે છે; ગમે તેવું અઘરું કામ હોય તે માણસ એક દિવસ જરૂર કરી શકે છે; કોઇપણ માણસ મીઠાશથી, ધીરજથી, પ્રેમથી, પવિત્રાઈથી રહી શકે છે. એનું નામ જ જીવન છે, જીવનનો એ જ અર્થ છે.**

જીવનનો અર્થ શો? જીવન એટલે ખાવું પીવું, હરવું ફરવું અને મોત આવે ત્યારે મરી જવું એ નથી. મોટા થવું કે મોટાં કાર્યો કરવાં અને જગતના કે દેશના ઇતિહાસને પાને નામ લખાવી જવું એ અમુક માણસને લભ્ય છે, પણ તે પણ આકસ્મિક છે. જીવનનું રહસ્ય વિચારવા જેવું છે. ગમે તે માણસ ખૂબ મીઠાશથી જીવન ગાળી શકે છે, ખૂબ પ્રેમથી પોતાની સૌરભ ચોપાસ ફેલાવી શકે છે, વર્તન અને વિચારમાં પવિત્ર રહી શકે છે અને મન પર સંયમ રાખી ગમે તેવા સંયોગોમાં શાંતિ રાખી શકે છે, ઇંદ્રિયો પર કાબૂ રાખી શકે છે અને વગર ગણગણાટે જે સંયોગોમાં મૂકાયેલ હોય તેમાં સમવડ-પૂર્વક ગોઠવાઇ જાય છે. આમાં સંયોગ બળવાન કે માનાપમાનની વાત જ આવતી નથી. **ગમે તે સંયોગોમાં જીવન ખૂબ લહેરથી જીવી શકાય છે,** અને એની આવડત આવી જાય તો સર્વ સંયોગોમાં મોજ ભોગવી શકાય તેમ છે.

આ જીવન તો એક રમત છે, રમતા આવડે તેમાં પોબાર જ છે. પ્રેમથી ગમે તેટલો ભાર માણસ વેંઢારી શકે છે અને મન પર લે તો ગમે તેવું આકરું કામ પણ માણસ પૂરું કરી શકે છે. ભારનો ભાર લાગવો કે કામનો બોજો લાગવો એ તો આપણા મનની વાત છે. હસતાં ખેલતાં બોજા ઉપાડાય છે અને કકળાટ કરતાં પણ ઉપાડાય છે; તે જ રીતે કામ કરવામાં પણ માણસ ધારે તો કામ સહેલું થઇ જાય છે અને બોજો ગણે તો ઢસરડા કરવા પડે છે. અંતે ભાર ઉપાડે જ છૂટકો છે અને કામ કર્યે જ છૂટકો છે તો પછી પ્રેમથી, આનંદથી અને લહેરથી શા માટે ન કરવું? એ જ રીતે આખું જીવન એ એક દિવસ છે. સાંજ પડે એટલે તો સૂર્ય જરૂર અસ્ત થવાનો જ છે, માટે ચાલતા વખતની મોજ માણી લેવી અને જરા પણ મુંઝાયા વગર પવિત્ર જીવન જીવવા નિર્ણય કરવો. કોયડો ઉકેલતા આવડે તો જંગલમાં મંગળ કરી શકાય છે, અગ્નિમાં બરફ કરી શકાય છે, રણમાં નાવ ખેલાવી શકાય છે અને આનંદ મંગળની છોળ ઉડાવી શકાય છે; માટે જીવવું તો પ્રેમપૂર્વક જીવવું, આનંદ માનીને જીવવું અને ઉલ્લાસને ખીલવવા મન પર સંયમ રાખવો. **આ ચાવી સાંપડે તો જીવન એ ખરી મોજ છે.**

---

**Any one can carry his burden, however heavy, till nightfall. Any one can do his work, however hard, for one day. Any one can live sweetly, patiently, purely, and that is all that life ever ready means.**

**R. L. Stoensen**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૯૫ )

**જ્યારે વાતો ઊંધી પડતી જાય ત્યારે નાસીપાસ ન થઇ જાઓ. તમારો આત્મા સૂર્યની પૂર્ણ ગરમીમાં-લહેરમાં હોય ત્યારે ત્યારે એવી વાતને સીધી કરવાનું કામ ઘણું સહેલું થાય છે. માટે લહેર કરો. મુસીબતમાંથી બહાર નીકળવાનો એ સર્વોત્તમ માર્ગ છે.**

ખૂબ વિચાર કરીને યંત્રો ગોઠવ્યાં હોય, ઘણા પ્રયાસ કરી વેપાર જમાવ્યો હોય, ખૂબ મહેનત કરી પરીક્ષા માટે વાંચ્યું હોય, ત્યાં કોઇ એવો બનાવ બની જાય કે માંડેલ આખી બાજી નકામી થઈ જાય, ધારેલા ઘરાકો બીજે ચાલ્યા જાય કે પરીક્ષાને આગલે દિવસે સખત તાવ આવે. આવું તો જિંદગીમાં ઘણીવાર થઈ આવે છે. દુનિયાનાં તત્ત્વો આપણી ધારણા પ્રમાણે જ ચાલતાં નથી, ઘરના માણસો શેઠ કે નોકર આપણી યોજના પ્રમાણે વર્તતા નથી. ખરે વખતે પાથરેલ બાજીમાંથી એક અગત્યનું સોગઠું ઝડપાઇ જાય છે અને આપણો સંસાર ખારો ધૂષવા થઇ જાય છે, માંડેલ બાજી વેડફાઇ જતી લાગે છે, ગોઠવેલ યંત્રો ખોટાં પડી જતાં દેખાય છે. વગેરે વગેરે. આવો પ્રસંગ આવે ત્યારે રડવા બેસવું નહિ, માથે હાથ મૂકી પોક મૂકવી નહિ, છાતી કૂટવા મંડી જવું નહિ. એમ કરવાથી કામ જરૂર માર્યું જાય, વાત જરૂર પાકે પાયે ઊથલાઇ જાય અને કરેલ મહેનત કે લીધેલ શ્રમ માથે પડે. એવે વખતે બરાબર મન પર કાબૂ રાખવો, એવે વખતે હિંમતને બેવડી કરવી અને નિસાસા ન મૂકતાં મજબૂતાઇ દાખવવી, ખૂબ આનંદી બની જવું અને એના ભાર શા છે? એવો મક્કમ નિર્ધાર રાખવો. માણસ પાછા પડવાથી પાછો હઠી જાય તો એ દશ કદમ પાછો પડે છે અને ભોંભેગો થઇ ગયો તો પૂરો થઈ જાય છે. એવે વખતે જે હિંમત રાખી આનંદી બને, જે ધૈર્ય ધારણ કરી અડગ ઊભો રહે એ જરૂર ટકી જાય છે. બાકી પડતાને તો પાટુ કે લાત જ વાગે છે અને માણસ કડભર થઈ જાય છે.

મુસીબત વખતે જે ધીરજ રાખી શકે, ગૂંચવણ વખતે જે અટવાઇ ન જાય, પાછો પડતાં જે મગજ પરનો કાબૂ ન ગુમાવી નાખે તે આગળ વધી શકે છે. ગૂંચવણમાંથી બહાર નીકળવાનો માત્ર એક જ ઉપાય-આનંદીપણું છે. એનાથી આંતર બળ આવે છે, બળથી વિચાર વાતાવરણ સુધરી જાય છે અને શાંત આનંદમાં નવા અણધારેલા રસ્તાઓ સૂઝે છે. એવે વખતે જે ખ્યાલી તરંગી કે વિનીત બની જાય છે તે બાજી ખોઈ બેસે છે અને મુદ્દો વિસારી મૂકે છે. સૂર્યની ગરમીમાં જે વિશુદ્ધ દર્શન થાય છે તે અંધકારમાં સાંપડતું નથી અને ખ્યાલાતોને આધીન થઇ જવું એ તો નરી નબળાઇ છે. એમ કરવાથી

When things go wrong, do not become disheartened; it is much easier to set them right when your soul is full of sunshine; so just be glad. It is the best way out.

**Christian D. Iarson**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે એવું થવા દેવાથી ગૂંચને રસ્તો ન જડે, એમાં બહાર નીકળી આવવાની બારી પ્રાપ્ત ન થાય.

માટે ગમે તેવા વિપરીત પ્રસંગો કે સંયોગોમાં **આનંદી રહો**, મન પર કાબૂ રાખો અને સર્વ સારું થઈ આવશે **એવો ભરોસો રાખી આગળ ધપો**. આવું ધોરણ રાખશો તો માર્ગ મળી આવશે. બાકી દબાઈ કે ડઘાઈ ગયા તો ખેલ ખલાસ થઈ જશે અને બહાર નીકળવાનાં દ્વાર બંધ થઈ જશે. હિંમત હારો નહિ, નબળાઈ બતાવો નહિ, વિપરીતને અપનાવો નહિ, આનંદથી એને માણો અને તમને માર્ગ મળશે.

## (૨૯૬)
## અપમાનનો બદલો વાળવાને બદલે તેના સામું જોવું જ નહિ એ ઘણી વખત વધારે સારું છે

હલકા માણસની સામે કે સાથે વાત કરવામાં કે તેની તોછડાઈનો સામનો કરવામાં ભૂલ થાય છે. એ તો પાંચ માણસને દેખી ભુરાયો થાય અને વધારે ધાંટા કાઢી ઢેઢફજેતો કરે અને મોટું ટોળું ભેગું કરે. એને કોઈ કહેવા જાય નહિ, અંતે તમને જ કહે કે 'ભાઈ! નાગાથી પાદશા' પણ આઘા.' આમાં તમારી જ કિંમત થાય. એને બદલે તમે એની ભૂંડી ગાળ સાંભળી ન સાંભળી કરી ચાલ્યા જાઓ કે એણે કરેલ કુચેષ્ટા દેખી જ નથી એમ બતાવી આડા ફંટાઈ જાઓ તો એમાં અંતે તમે સરવાળે ખોતા નથી. અને ઘણીવાર ઘરમાં પણ **ભાભાજી ભારમાં તો વહુજી લાજમાં** રહે છે. કોઈ વાર એ માથે ન ઓઢે, અને તમે પુરાણા યુગના હો તો આંખ આડા કાન કરી જવામાં જ તમારો મોભો જળવાશે. એ જ પ્રમાણે કોઈવાર છોકરો જરા આડો ફાટે કે તમને ડોકરા કહીને બોલાવે તો તમે તે સાંભળ્યું જ નથી એમ ધારી બહાર ચાલી જવાથી સંપ જળવાશે. છોકરાને સાન આવશે અને કામનું કામ થશે. પણ જો તમે એ વાતની ચોખવટ કરવા ગયા તો એક ઘરના બે ઘર થશે. એવી જ રીતે સ્નેહીમાં, મિત્રમાં, વેપારમાં, જાહેર મેળાવડામાં ને કોઈવાર નાની બાબતમાં તમારે માટે જરા હીણું બોલાતું સાંભળો તો વાતને વધારી ન મૂકવી. તે વખતે ગમ ખાઈ જવી, વાતને નરમ પાડી દેવી અથવા ઊઠીને આડું જોઈ ચાલતા થઈ જવું. સામાને મર્યાદા મૂકી દેવાની સ્થિતિમાં મૂકી આજન્મ વૈરી ન બનાવવો, નાની વાત **ગણીને ગાંઠે બાંધવાની ટેવ ન પાડવી** અને વાત વાતમાં ટીચકું ચઢાવવું નહિ.

'**ગમ ખાવા**'ની મોટી કળા છે, જીવનસાફલ્યનો નુકતો છે, વિજયની પાકી ચાવી છે. એ જરા આકરી છે, સ્વમાનને ઘાયલ કરનારી છે, ખાનદાની કે શ્રીમંતાઈના ખ્યાલીને ન બેસે તેવી છે, પણ એ ખરેખરી કળા છે. નરકમાં સામો પથ્થર નાખવા જતાં તમને તેના છાંટા ઊડ્યા વગર નહિ રહે અને એક વાર સામી પ્રીત બંધાણી, પછી એનો આરો

It is often better not to see an insult than to avenge it.

—Seneca.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ આવે. ઈતિહાસમાં ગમ ખાનારા અંતે ફાવ્યા છે, જરા નમી જનારા આખરે મહાન પદે પહોંચ્યા છે, અને સાચું વિચારનારા નમ્રતાથી આગળ ધાયા છે, અને તમે અપમાનનો બદલો તિરસ્કારથી, ગાળથી કે કોરટની ફોજદારીથી આપો તેમાં તમારા હાથની ચળ ભાંગે તે સિવાય કાંઈ લાભ નથી. અને તમારો વરઘોડો ચઢે ત્યારે જોવા આવનારા ઘણા હોય છે, પણ **વરઘોડો ઉતારનારા દુનિયામાં બહુ ઓછા હોય છે**, એ વાત નિરંતર ધ્યાનમાં રાખશો.

માટે કોઇ વખત આવેશમાં આવી કોઇ ન બોલવાનું બોલી નાખે કે એવું કાંઈ થાય ત્યારે પીછોડી ખંખેરી આઘા ખસી જવું. એમાં તમે નબળા બાપના નહિ થઇ જાઓ. આ દુનિયામાં વેર વધારવામાં મજા નથી, વાતનો અંત લેવામાં માલ નથી અને જેવાની સાથે તેવા થવા જેવી નબળાઇ નથી. તમે તમારું ગૌરવવંતું પદ જાળવો અને હાથી પાછળ કૂતરા ભસે તેની હાથી દરકાર કરતો નથી એ વાત વિચારી એની સામે પણ ન જુઓ. એ ગમ ખાવામાં અંતે તમારો વિજય છે અને એ કૌશલ્યદર્શક સાચી નીતિ છે.

( ૨૯૭ )

## આભાર એ ફરજ છે અને એને ફરજ તરીકે અદા કરવી ઘટે. પણ એની આશા કરવાનો કોઈને હક્ક નથી.

આપણા ઉપર કોઇ નાનો કે મોટો ઉપકાર કરે તો આપણી ફરજ છે કે આપણે તેનો **આભાર** માનવો જોઇએ. કોઇ આપણને પાણી પાય કે દાતણ કચરી આપે કે સોપારીનો ટુકડો આપે તેનો પણ આપણે આભાર માનવો ઘટે. આવી નાની બાબતથી તે આપણી તબિયત સુધારનાર, આપણને માર્ગદર્શન કરાવનાર, આપણને પૈસા આપી રસ્તે લાવનાર કે આપણને મોતના પંજામાંથી છોડાવનાર સર્વ કોઇનો આભાર માનવો ઘટે. આપણું નાનું મોટું કોઇ પણ કામ કરનારનો આપણે ઉપકાર ભૂલવો ન ઘટે, એના કામને અપનાવી મોટું બનાવવું અને પોતાની જાતને તેના આભાર નીચે ગણવી એ કરેલ કામની કિંમત કર્યા બરાબર છે. કોઇ પણ પ્રકારની સગવડ આપનાર, ભલામણ કરનાર કે કામ કરાવી આપનારને પણ આપણે બહુમાન આપવું જોઇએ એ આપણું કર્તવ્ય છે, આપણી ફરજ છે, આપણો ધર્મ છે.

વિલાયતમાં તો નાનું નજીવું કામ કરનારને પણ થેંક યુ–તમારો આભારી છું એમ કહેવાનો રિવાજ છે અને કર્તવ્યભાનને અંગે એ ઘણો સારો રિવાજ છે. ગાડીમાંથી ઊતરતાં ટેકો આપનારનો પણ આભાર મનાય છે અને એ પ્રકારની સભ્યતા શિષ્ટ વર્ગમાં ઉચિત મનાય છે. કરેલ સેવાનો આભાર માનવો એ વ્યવહાર નજરે પણ કર્તવ્ય ગણાય

Gratitude is a duty which ought to be paid, but which none has a right to expect. —Rousseau.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને સભ્ય માણુસ માત્ર વિવેક ખાતર જ નહિ, પણુ સાચા હૃદયથી સેવા કરનારનો પાડ માનવાની પોતાની ફરજ ગણે છે અને તે સુયોગ્ય છે.

પણ **સેવા આપનારે** તો સામા તરફથી આભાર માનવામાં આવશે એવી **આશા રાખવી ન ઘટે.** ગમે તેવી સેવા ત્યારે જ શોભે છે જ્યારે તેમાં બદલાની કે આભાર-દર્શનની ઇચ્છા જ ન હોય. એવી આકાંક્ષા થાય તો સેવાનું મૂલ્ય ઘટી જાય છે. કામ કરનારે તો કામ ખાતર જ કામ કરવું, સેવામાં રસ આણવો, પરોપકારનો અભ્યાસ જ પાડી દેવો. પારકાનું કામ કરવામાં મોજ માણવી. સામો નમશે કે ભજશે કે આભાર માનશે એનો ખ્યાલ પણ ન કરવો. આમ કરવાથી **સ્વાત્મસંતોષ** થશે. જીવનમાં હૃદયના સંતોષ જેવું બીજું સુખ નથી.

આ દષ્ટિએ જોતાં નાની મોટી સેવાને પરિણામે **માનપત્ર** કે અભિનંદનનો અભખરો જરા પણ રાખવા જેવો નથી, એમાં સેવાનો બદલો લેવા જતાં વાત નરમ પડી જાય છે, અને આંતરશાંતિના સદ્‌ગુણનું સ્થાન માન લઇ લે છે. કામ કરી છૂટવાની વૃત્તિ રાખવા જેવી છે. બાકી સાચી સેવા દુનિયા જરૂર જાણે અને પિછાને છે અને આડકતરી રીતે તેનો બદલો પણ જરૂર આપે છે, પણ સેવા કરનારે એવા બદલાની આકાંક્ષા ન રાખવી ઘટે. એ રીતે સેવાકાર્ય કરતાં જે દિવ્ય આનંદ થશે તેનું વર્ણન અક્ષરો કે લેખોથી થાય તેમ નથી, માટે સેવા કરનારનો આભાર જરૂર માનવો, પણ પોતે સેવા કરી હોય તેના સ્વીકારની મુરાદ કરવા જતાં વાત નબળી થઇ જાય છે, તે રસ્તે કુશળ માણસ ઊતરે નહિ.

**મૌક્તિક**

## श्री पार्श्वजिनेश्वर-स्तवन.

( राग-मेरा दिल तोडनेवाले...... )

प्रभु श्री पार्श्वजिनराया ! मुझे भवसे बचा लेना
कृपा कर मेरी नैया को, भवोदधि से तरा लेना...प्रभु० १
लगी है स्वामी ! मुझ पीछे, भयानक मोह की सेना
लूटे सब आत्मधन मेरा, प्रभु ! मुझको छुडा लेना...प्रभु० २
जलाकर ज्ञानदीपक को, मेरे मन का तिमिर हरना
कृपा कर पंथ शिवपुर का, प्रभु मुझको बता देना...प्रभु० ३
लगी है तेरी ही लगनी, प्रभु ! दर्शन मुझे देना
सुधारस दिव्य अंजन को, मेरे नयने लगा देना...प्रभु० ४
जिनेश्वर देव हे ! मेरी, विनंति ध्यान में लेना
तरा के जंबू की नैया, किनारे से लगा देना...प्रभु० ५

—मुनिराजश्री जंबूविजयजी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પુનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨-૪-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ-સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું. લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

## આગમોનું દિગ્દર્શન લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા

શ્રી હીરાલાલભાઇના વિદ્વત્તાથી આજે કોણ અજાણ છે? તેઓએ અત્યંત પરિશ્રમપૂર્વક ઘણા વર્ષોની મહેનત પછી આગમ સંબંધી સૂક્ષ્મ છણાવટપૂર્વક આ ગ્રંથની સંકલના કરી છે. આગમના અભ્યાસીએ આ ગ્રંથ વાંચવા તેમજ વસાવવા જેવો છે. ક્રાઉન સોળ પેજી સાઇઝ પૃષ્ઠ ૨૫૦, મૂલ્ય રૂા. સાડા પાંચ.

## દાનધર્મ પંચાચાર લેખક—શ્રી મનઃસુખભાઇ કીરતચંદ મહેતા

આ પુસ્તકમાં દાન ધર્મના પ્રકારો, પાંચ આચારોનું સુવિસ્તૃત વિવેચન અને સ્વામીવાત્સલ્ય સંબંધી નિબંધરૂપે સુંદર આલેખન કરવામાં આવ્યું છે. શ્રી મનઃસુખભાઇનાં આ નિબંધસંગ્રહનું તેમના સુપુત્ર અને અધ્યાત્મપ્રિય શ્રી ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતાએ સુંદર રીતે સંપાદન કરી આ પુસ્તક પ્રકાશન કર્યું છે. આ પુસ્તક વસાવવા તેમજ વાંચવા લાયક છે. મૂલ્ય માત્ર રૂા. એક.

## પાઠશાળા ઉપયોગી પુસ્તકો મંગાવો.

| | | | |
|---|---|---|---|
| શ્રી પંચપ્રતિક્રમણ મૂળ | રૂા. ૧-૪-૦ | ગુણસાર (કથા) | ૦-૮-૦ |
| શ્રી બે પ્રતિક્રમણ સૂત્ર મૂળ. | રૂા. ૦-૬-૦ | જયવિજય ( ,, ) | ૦-૮-૦ |
| શ્રી અર્હંત-પ્રાર્થના (સ્તુતિ) | ૦-૪-૦ | હરિબલ ( ,, ) | ૦-૮-૦ |
| આત્મવાદ | ૦-૧૦-૦ | વિક્રમાદિત્ય ( ,, ) | ૦-૧૦-૦ |
| શિવભૂતિ (કથા) | ૦-૪-૦ | અક્ષયતૃતીયા ( ,, ) | ૦-૧૨-૦ |
| નયવાદ | ૦-૪-૦ | વિચારસૌરભ | ૦-૩-૦ |
| | | જ્ઞાનપંચમી માહાત્મ્ય (વરદત્ત ગુણમંજરી) ( ,, ) | ૦-૮-૦ |

લખોઃ—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## શ્રી હેમચંદ્રાચાર્ય.

લેખકઃ— મૌક્તિક

જાણીતા પાશ્ચિમાત્ય વિદ્વાન ડો. બુલ્લરના અંગ્રેજી ગ્રંથનો આ અનુવાદ શ્રીયુત મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ પોતાની રોચક શૈલીમાં કરેલો છે. કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના નામ અને સામર્થ્યથી કોણ અજાણ છે ? વિદ્વાન કર્તાએ આ ગ્રંથમાં તેઓશ્રીને લગતા વિધવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. ખાસ જાણવા યોગ્ય ગ્રંથ છે. લગભગ અઢીસો પાનાનો ગ્રંથ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ ત્રણ આના. વિશેષ નકલ મંગાવનારે પત્રવ્યવહાર કરવો.

---

ખાસ વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

**હવે તો ઘણી જ જુજ નકલો શીલીકમાં રહી છે તો તમારી નકલ માટે સત્વર લખી જણાવો.**

## શ્રી આનંદઘનજી–ચોવીશી

### [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી મુમુક્ષુજનોને અત્યંત ઉપયોગી છે. પાકું કપડાનું બાઈડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ અલગ. સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે.

---

## નયપ્રદીપ–નયચક્રસંક્ષેપ

અનુવાદક અને વિવેચક–સ્વ૦ શ્રી મનઃસુખભાઈ કિરતચંદ મહેતા

આ પુસ્તકમાં નય જેવા કઠિન વિષયને સરલ અને સુગમ બનાવી સારો પ્રકાશ પાડ્યો છે. સપ્તભંગી તથા નયનું સ્વરૂપ દર્શાવી છેવટના પ્રકરણમાં નયના સાતસો વિષય ભેદો બતાવ્યા છે. નયચક્રસંક્ષેપ એ નિબંધરૂપ છે. જેમાં નયના વિષયને પુષ્ટ કરવામાં આવ્યો છે. એકંદરે નય ને ન્યાયના અભ્યાસીને માટે આ પુસ્તક ઉપયોગી છે. દોઢસો ઉપરાંત પૃષ્ઠ અને પાકું બાઈડીંગ છતાં મૂલ્ય માત્ર રૂા. એક

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

---

## ખેદકારક સ્વર્ગવાસ

આપણી સભાના લાઇફ મેમ્બર અને "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના એક વખતના તંત્રી શ્રી મોતીચંદભાઈ ઓધવજી ૮૫ વર્ષની વયે મુંબઈખાતે પ્રથમ અશાડ શુદિ ૪ ને સોમવારના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓ સ્વભાવે માયાળુ અને મિલનસાર હતા. સાહિત્ય પ્રવૃત્તિમાં સારો રસ ધરાવતા. એકાદ બે પુસ્તકનું તેમણે ભાષાંતર પણ કરેલ. અમો સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

---

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only